આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### મહારાષ્ટ્રમાં અતિ ભારે વરસાદથી રેલ વ્યવહાર ખોરવાયો

# વલસાડ-વાપી સ્ટેશને મુસાફરો અટવાયા : બસ અને ભોજનની વ્યવસ્થા કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૬ :** આજરોજ મહારાષ્ટ્રમાં સતત પડી રહેલા અતિભારે વરસાદના કારણે મુંબઈ તેમજ મહારાષ્ટ્ર તરફ જતો રેલવે વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે વલસાડ રેલવે સ્ટેશન અને વાપી રેલવે સ્ટેશન પર હજારો મુસાફરો અટવાઈ ગયા હતાઁ.



જેથી પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેનોના રૂટ ટૂંકાવવા અંગે મહત્વની સૂચનાઓ જાહેર કરવી પડી હતી. એ મુજબ, ટ્રેક પર પાણી ફરી વળતાં અનેક ટ્રેનો પ્રભાવિત થઈ છે. અકસ્માત નિવારવા માટે અમદાવાદ-મુંબઈ વચ્ચેની ટ્રેનોને સુરત અને વલસાડ સુધી જ દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેનો વલસાડ અને સુરતથી જ મુસાફરોને લઈને ફરી અમદાવાદ તરફ પરત રવાના થાય એવી વ્યવસ્થા જાહેર કરાઈ હતી. વધુમાં મુસાફરોની હાલાકી દૂર કરવા વાપીથી વલસાડ વચ્ચે બસ સેવા શરૂ ટ્રેન વ્યવહાર અચાનક ખોરવાઈ જવાના કારણે રેલવે સ્ટેશનો પર મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, મુસાફરોની હાલાકી ઓછી કરવા માટે રેલવે પ્રશાસન દ્વારા તાકીદના પગલાં લેવામાં આવ્યા છે. અટવાયેલા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે રેલવે દ્વારા વાપીથી વલસાડ જવા માટે ખાસ બસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે જ સંબંધિત સ્ટેશનો પર હેલ્પડેસ્ક શરૂ કરીને મુસાફરોને સતત જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી રહી છે.

મુંબઇ-અમદાવાદ વચ્ચે વરસાદને કારણે રેલ વ્યવહાર ખોરવાતા અને વાપી તથા વલસાડ જેવા સ્ટેશનોએ મુસાફરો અટવાયા હોવાની જાણ થતાં જ વલસાડ-ડાંગ લોકસભાના સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા. તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલ, વિપુલભાઈ ભોયા, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, પ્રદેશ યુવા મોરચા કોષાધ્યક્ષ ધ્રુવીનભાઈ પટેલ અને ભાજપના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા. સાંસદના માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રશાસન સાથે તાત્કાલિક સંકલન કરીને મુસાફરોની સુવિધા માટે ખાનગી અને એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી. અટવાયેલા મુસાફરોને તબક્કાવાર મુંબઈ અને પુના તરફ સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા અને ફૂડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મુસાફરોને કોઈ અગવડ ન પડે તે માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોએ પણ સેવાકાર્યમાં જોડાઈને મોટી સંખ્યામાં ખીચડીનું વિતરણ કર્યું. કટોકટીની આ ઘડીમાં વહીવટી તંત્ર, જનપ્રતિનિધિઓના સંયુક્ત પ્રયાસનું સરાહનીય ઉદાહરણ જોવા મળ્યું હતું. સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું કે મુસાફરોની સુરક્ષા અને સુવિધા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. પ્રશાસન અને તમામ સ્વયંસેવકોના સહયોગથી પરિસ્થિતિને ઝડપથી કાબૂમાં લેવામાં આવી છે.

# વલસાડ એસટીએ મુસાફરો માટે બોરીવલી સુધી ૧૬ ખાસ બસો દોડાવી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વલસાડ એસટી વિભાગ દ્વારા તાત્કાલિક ૧૬ જેટલી બસોને વલસાડ, વાપી, ભીલાડ અને સંજાણથી મુંબઈ બોરીવલી સુધી દોડાવી વરસાદને કારણે ટ્રેન વ્યવહાર બંધ થતા અટવાયેલા મુસાફરોને સહી સલામત પહોંચાડાયા છે.

મુંબઈ સેન્ટ્રલ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પગલે રેલવે ટ્રેક પર પાણી ફરી વળતાં રેલ સેવા પ્રભાવિત થઈ હતી. પરિણામે અનેક ટ્રેનોને વલસાડ, વાપી, ભીલાડ અને સંજાણ સ્ટેશનો પર રોકી દેવામાં આવતા મોટી સંખ્યામાં મુસાફરો અટવાઈ ગયા હતાં. પરિસ્થિતિની જાણ જિલ્લા કલેક્ટર અને એસટી વિભાગને થતાં વલસાડ એસટી વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. વિભાગીય નિયામક તથા પરિવહન અધિકારી સ્નેહલ પટેલના માર્ગદર્શન હેઠળ વાપી ડેપોના મેનેજર માંહલા, કે.સી. પટેલ તથા આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલે સંકલન કરીને વાપીથી બોરીવલી માટે ૭ બસ, ભીલાડથી બોરીવલી માટે ૩ બસ, સંજાણથી બોરીવલી માટે ૧ બસ તેમજ વલસાડ ડેપોથી બોરીવલી માટે ૫ બસોની ખાસ વ્યવસ્થા કરી હતી.

આ ત્વરિત અને સુવ્યવસ્થિત કામગીરીથી અટવાયેલા મુસાફરોને સમયસર રાહત મળી હતી. મુસાફરોએ એસટી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ સંજાણ, ભીલાડ અને વાપીના રેલવે સ્ટેશન માસ્ટરોએ પણ વલસાડ એસટી વિભાગની ઝડપી કામગીરીને બિરદાવી વિભાગીય નિયામક, પરિવહન અધિકારી તથા સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાપીમાં સામાજિક સંસ્થાઓ અટવાયેલા મુસાફરોની મદદે આવી

### શ્રી રાજસ્થાન જૈન સંઘ અને માહેશ્વરી સેવા સમિતિ એ મુસાફરોને રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** મુંબઈ તેમજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લઈ પશ્ચિમ રેલવેનો ટ્રેન વ્યવહાર ખોરવાતા વાપી રેલવે સ્ટેશનને રોકાયેલી ટ્રેનોના મુસાફરો માટે વિવિધ સેવાકીય સંસ્થા દ્વારા પાણી, નાસ્તો અને રહેવા જમવાની તેમજ સ્નાન કરવાની વ્યવસ્થા કરાઈ છેલ્લા કેટલાક દિવસથી મુંબઈ બોરીવલી અને પાલઘર વિસ્તારમાં તેમજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લઇ આજે વહેલી સવારથી જ પશ્ચિમ રેલવેનો અમદાવાદ, બરોડાથી મુંબઈ તરફ જતી ટ્રેનોને વલસાડ, પારડી, વાપી, ભીલાડ અને સંજાણમાં જ રોકી લેવાય છે. જ્યારે મુંબઈ તરફથી કોઈપણ ટ્રેન આવી રહી નથી. આ અંગે વાપી રેલવે સ્ટેશનએ રોકાયેલી ટ્રેનના મુસાફરોને વાપીના અનેક સેવાકીય સંસ્થા તેમજ મહિલા મંડળના સભ્યો દ્વારા પીવાનું પાણી નાસ્તો અને જરૂરિયાત પૂરી પાડવામાં આવી હતી. જ્યારે વાપીના શ્રી રાજસ્થાન જૈન સંઘ દ્વારા સંચાલિત જિનાલયમાં બહારગામથી વાપી રેલવે સ્ટેશનને મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરો માટે રહેવાની નાહવાની તેમજ જમવાની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.




એ જ રીતે આ સંજોગોમાં વાપીની માહેશ્વરી સેવા સમિતિ દ્વારા પણ ચાલા, મુક્તાનંદ માર્ગ સ્થિત મહેશ ભવન ખાતે જરૂરિયાતમંદ મુસાફરો માટે નિઃશુલ્ક રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સમિતિએ મુસાફરોને આ સેવાનો લાભ લેવા તેમજ આ માહિતી વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવા અપીલ કરી છે. વધુ માહિતી માટે સમિતિના અધ્યક્ષ ગિરિરાજ લઢ્ઢા (મો. ૯૬૮૭૭૯૯૧૯૯) તથા સચિવ અશોક કાબરા (મો. ૮૨૩૮૭૨૬૫૩૮)નો સંપર્ક કરી શકાય છે. આમ વાપીની સામાજિક સંસ્થાઓએ વરસાદને કારણે મુશ્કેલીમાં મુકાયેલા ટ્રેનના મુસાફરોને વહારે આવી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# વલસાડ જિલ્લામાં ચોથા દિવસે પણ વરસાદની હેલી : સ્કોરબોર્ડ ૨૧.૫ ઈંચ થયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૬ :** વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડતા વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. જિલ્લામાં સારો વરસાદ પડતા ખેડૂતો આનંદમાં આવી ગયા છે. વલસાડ જિલ્લામાં ગઈકાલે રવિવારે સાંજે ચાર વાગ્યાથી સોમવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં વલસાડ ચાર ઇંચ, ધરમપુર ૨ ઇંચ, પારડી પાંચ ઇંચ, કપરાડા ચાર ઇંચ, ઉમરગામ પાંચ ઇંચ, વાપી સાત ઇંચ, નાનાપોંઢા ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં આજનો સરેરાશ વરસાદ ૭૬.૧૪ મી.મી. એટલે કે ૩ ઈંચ જેટલો થયો છે. જયારે વલસાડ જિલ્લાની વાત કરીએ તો વલસાડ જિલ્લાનો કુલ અત્યાર સુધીનો સિઝનનો વરસાદ સરેરાશ ૫૩૬.૮૬ મી.મી. એટલે કે લગભગ ૨૧.૫ ઈંચ સુધી પહોંચ્યો છે. જિલ્લામાં વરસાદના પગલે ૧૦ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતાં. જયારે આગામી ૨૪ કલાકમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે આપી છે. વલસાડ જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. વરસાદ પડતા ચેકડેમના તળાવ કોઝવે તથા ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતો આનંદમાં આવી ગયા છે. આજરોજ વરસાદ પડતા વલસાડ જિલ્લાના ૧૦ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતાં.

વલસાડ શહેરમાં થોડા અમથા વરસાદમાં જ શહેરના છીપવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણીનો ભરાવો થતા વાહન ચાલકોએ રેલવે યાર્ડ ફૂટ ઓવર બ્રિજનો સહારો લેવો પડ્યો હતો.

# વલસાડ પોલીસે ૧ માસમાં ૩૩ વોન્ટેડને ઝડપી લીધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૬ :** વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો અને શાખાઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઓપરેશન દરમિયાન મર્ડર, લૂંટ, ધાડ, બળાત્કાર, અપહરણ અને ટાડા એક્ટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસ પકડથી દૂર ભાગતા ફરતા કુલ ૩૩ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લા પોલીસવડા ધરમપુર વિભાગ તેમજ નાયબ પોલીસ વડા વલસાડ અને વાપીની દેખરેખ હેઠળ જિલ્લા એલસીબી, પેરોલ ફર્લો સ્ક્વોડ, એસઓજી અને સ્થાનિક પોલીસ સ્ટેશનોની ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોએ જૂના કેસના કાગળોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની બાતમી આધારે તપાસ હાથ ધરીને તારીખ ૦૧/૦૫/૨૦૨૬થી ૩૦/૦૫/૨૦૨૬ના ગાળા દરમિયાન વલસાડ જિલ્લા તેમજ અન્ય જિલ્લાના ગુનાઓમાં નાસતા ફરતા આ ગુનેગારોને દબોચી લીધા હતા. સૌથી વધુ આરોપીમાં વલસાડ એલ.સી.બી. શાખા ૨૦ આરોપી, એસ.ઓ.જી. શાખા ૦૩ આરોપી, પારડી પોલીસ મથક ૨ અને વાપી ટાઉન પોલીસ મથક ૦૨ આરોપી, વલસાડ રૂરલ, ડુંગરી, વાપી GIDC, ડુંગરા, ઉમરગામ પોલીસ મથક ૦૧ આરોપી અને નાનાપોંઢા પોલીસ મથક ૦૧ આરોપી કુલ ઝડપાયેલા ૩૩ આરોપીઓ લાંબા સમયથી પોલીસને ચકમો આપી રહેલા આ રીઢા ગુનેગારો પકડાતા વલસાડ જિલ્લા પોલીસે રાહતનો શ્વાસ લીધો છે અને ગુનાખોરી મુક્ત વાતાવરણ બનાવવા તરફ આ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

# દમણમાં આજે ૪ ઇંચ વરસાદથી જનજીવન ખોરવાયું





### દમણના અનેક વિસ્તારોમાં ભારે વરસાદથી પાણી ભરાયા; ૪ ઈંચ વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૬ :** રવિવાર રાતથી સોમવાર સવાર સુધી પડેલા મુશળધાર વરસાદને કારણે દમણના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. સોમવારે સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી લગભગ ૪ ઇંચ વરસાદ નોંધાયો હતો, જેના કારણે રહેવાસીઓ માટે ટ્રાફિકની ગંભીર સમસ્યા ઉભી થઈ હતી.

ભારે વરસાદને કારણે એરપોર્ટ રોડ, કોલેજ રોડ, રાણા સ્ટ્રીટ, ખાટકીવાડ અને ખારીવાડ સહિતના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હતા. પાણી ભરાવાથી થોડા સમય માટે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ રસ્તાના બાંધકામના કામને કારણે ડ્રેનેજ ચેનલોમાં અવરોધ આવવાને કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતાં. એરપોર્ટ રોડ પર, પાણી લાંબા સમય સુધી ભરાયેલું રહ્યું, જ્યારે ગટરોનો નિકાલ ધીમો પડી ગયો. કોલેજ રોડ અને રાણા સ્ટ્રીટ પર પણ પાણી ભરાઈ ગયા. રાણા સ્ટ્રીટ પરના બે ઘરોમાં વરસાદી પાણી ઘૂસી ગયા, જેના કારણે રહેવાસીઓને નુકસાન અને અસુવિધા થઈ હતી.

જિલ્લા વહીવટીતંત્ર તરફથી માહિતી મળ્યા પછી, કાટમાળથી ભરાયેલા ડ્રેનેજ પાઈપો અને ગટર સાફ કરવામાં આવ્યા. વરસાદ બંધ થયા પછી, પાણી ધીમે ધીમે ગટરમાં ઓસરી ગયું, અને મોટાભાગના રસ્તાઓ પરથી પાણીનો ભરાવો ઓછો થયો હતો. ખાટકીવાડમાં, એક ઘરનું કમ્પાઉન્ડ એટલું પાણીથી ભરાઈ ગયું હતું કે તે નાના સ્વિમિંગ પુલ જેવો માહોલ સર્જાયો હતો. બાળકો પાણીમાં તરવાની મઝા માણતાં જોવા મળ્યા, ભવિષ્યમાં પાણી ભરાવાની સમસ્યાઓ ટાળવા માટે ડ્રેનેજ સિસ્ટમ વધુ અસરકારક બનાવવામાં આવે એવી માંગ સ્થાનિક રહેવાસીઓએ કરી હતી.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301


સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## બીલીમોરા-અમલસાડ અંબીકા નદીના
# બ્રિજ પર ફરી ગાબડાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૬ :** બીલીમોરા-અમલસાડને જોડતી અબિકા નદી પર આવેલા મેજર બ્રિજ પર શનિવારે પડેલી તિરાડ અને ગાબડાંના સમારકામ બાદ બ્રિજને ફરી વાહનવ્યવહાર માટે ધમધમતો કરાયો હતો, પરંતુ રવિવારે ફરી એ જ સમારકામ કરાયેલી જગ્યાએ નાના ગાબડાં દેખાતા બ્રિજની સલામતી સામે ગંભીર સવાલો ઊઠ્યા છે. જો કે, તંત્ર દ્વારા આ ગાબડાં પૂરી દઈને હાલ પૂરતો વાહનવ્યવહાર તો શરૂ રાખવામાં આવ્યો છે, પરંતુ સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા અને ચિંતા જોવા મળી રહી છે કે જો બ્રિજની સલામતી ૧૦૦ ટકા હોય તો જ તેને ચાલુ રાખવો જોઈએ, અન્યથા કોઈ મોટી આકસ્મિક હોનારત ટાળવા માટે તેને સદંતર બંધ કરવો હિતાવહ છે.

## તલીયારામાં અંબીકેશ્વર મહાદેવ મંદિરનો સાલગીરી મહોત્સવ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૬ :** ગણદેવી તાલુકાના તલીયારા ગામે આવેલા આઈશ્રી ખોડિયાર માતા મંદિર તથા અંબીકેશ્વર મહાદેવ મંદિરના સાલગીરી પર્વ નિમિત્તે આવતીકાલે તારીખ ૦૭-૦૭-૨૦૨૬ને મંગળવારે ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. મંદિર મંડળ દ્વારા મળતી માહિતી મુજબ ધાર્મિક મહોત્સવ અંતર્ગત સવારે ૦૯ કલાકે નવચંડી યજ્ઞ પ્રારંભ થશે. ત્યારબાદ સાંજે ૦૬ કલાકે મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. આ પાવન પ્રસંગે આઈશ્રી ખોડિયાર માતાજી મંદિર, તલીયારા ખાતે ભક્તોને સહપરિવાર ઉપસ્થિત રહી માતાજીના આશીર્વાદ મેળવવા અને મહાપ્રસાદનો લાભ લેવા માતાજી મંડળ દ્વારા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ખેરગામ બ્રહ્મ સમાજ દ્વારા વલસાડ સ્ટેશને ટ્રેનોના સ્ટોપેજ અંગે વલસાડ સાંસદને રજુઆત

## મુંબઈ-મહુવા ટ્રેનને વલસાડ સ્ટોપેજ આપવા અને સુરત-મહુવા ટ્રેનને વલસાડ સુધી લંબાવવા રજૂઆત કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** ખેરગામ બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને આગેવાનો દ્વારા વલસાડના સાંસદ અને દંડક ધવલભાઈ પટેલને ખેરગામ સ્થિત રામજી મંદિરમા રૂબરૂ મળીને એક આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન બ્રહ્મ સમાજ દ્વારા વિસ્તારના મુસાફરો અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે સેવાઓનો વ્યાપ વધારવાની ન્યાયિક માંગ કરવામાં આવી છે. સાંસદ ધવલભાઈ પટેલને આપેલા પત્રમાં મુખ્ય બે માંગણીઓમાં મુંબઈ-મહુવા ટ્રેનને વલસાડ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવે, સુરત-મહુવા ટ્રેનની સેવા સુરતથી આગળ વધારીને વલસાડ રેલવે સ્ટેશન સુધી લંબાવવામાં આવે, બ્રહ્મ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, જો આ માંગણીઓ સ્વીકારવામાં આવે તો વલસાડ જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના હજારો રોજિંદા મુસાફરોને તેનો સીધો લાભ મળશે. દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મહુવા અને તેની આસપાસના પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે જતા હોય છે. રેલવેની આ સુવિધા ઉપલબ્ધ થવાથી યાત્રાળુઓ માટે મુસાફરી અત્યંત સરળ, સુવિધાજનક અને સમયની બચત કરનારી બની રહેશે. વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે બ્રહ્મ સમાજની આ રજૂઆતને ગંભીરતાથી સાંભળી હતી. તેમણે આગેવાનોને ખાતરી આપી હતી કે, તેઓ આ લોકઉપયોગી પ્રશ્નને સંબંધિત રેલવે સત્તાધિકારીઓ અને રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત કરશે તેમજ વહેલી તકે આ અંગે યોગ્ય સકારાત્મક કાર્યવાહી થાય તે માટે પૂરેપૂરો પ્રયાસ કરશે. આ પ્રસંગે બ્રહ્મ સમાજના અનેક અગ્રણીઓ, આગેવાનો અને સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના અંતે બ્રહ્મ સમાજના પ્રમુખ અંકુરભાઈ શુકલ દ્વારા ઉપસ્થિત સૌ વડીલો-મિત્રો અને સાંસદનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ડાંગમાં અસરગ્રસ્ત માર્ગો અને કોઝવેનું નિરીક્ષણ કરી રિપેરિંગ કામગીરી હાથ ધરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૬ :** ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા ભારે વરસાદને કારણે જિલ્લાના વિવિધ પંચાયત માર્ગો, કોઝવે, પુલો, પાઈપ કલ્વર્ટ તેમજ સાઈડ ડ્રેનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ભારે વરસાદના લીધે અનેક સ્થળોએ વૃક્ષોની ડાળીઓ, કાદવ, પથ્થરો તથા કચરો જમા થતાં પાણીના વહેણમાં અવરોધ ઉભો થયો હતો. આ ઉપરાંત, કેટલાક સ્થળોએ માર્ગોના એપ્રોચ, શોલ્ડર અને ડામર સપાટી ધોવાઈ ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પંચાયત માર્ગ અને મકાન વિભાગ (ડાંગ-આહવા) દ્વારા અધિકારીઓ, ટેકનિકલ સ્ટાફ, જેસીબી અને ટ્રેક્ટર-ટ્રોલી સહિતની જરૂરી મશીનરી સાથે તાત્કાલિક ઈમરજન્સી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ચોમાસાના પાણીનો ભરાવો ન થાય તે માટે કોઝવે, પુલો તથા પાઈપ કલ્વર્ટમાંથી કાદવ અને ઝાડ-ઝાંખરા દૂર કરી પાણીના પ્રવાહને સુચારુ બનાવવામાં આવ્યો છે. આ સાથે જ રસ્તાની બંને બાજુએ આવેલી સાઈડ ડ્રેનોની સફાઈ કરીને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ મજબૂત કરાઈ છે. સંવેદનશીલ સ્થળો પર તંત્ર દ્વારા સતત મોનિટરિંગ અને પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી વાહનચાલકોની સુરક્ષા જળવાઈ રહે. માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા હાલમાં નુકસાનગ્રસ્ત માર્ગો પર વાહનવ્યવહાર ચાલુ રાખવા માટે યુદ્ધના ધોરણે કામગીરી થઈ રહી છે. વરસાદની પરિસ્થિતિ સામાન્ય થયા બાદ, કાયમી મરામત માટે જરૂરી અંદાજ તૈયાર કરી નિયમ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ભારે વરસાદ દરમિયાન જે માર્ગો કે કોઝવે પર પાણી ફરી વળ્યા હોય અથવા જે નીચાણવાળા વિસ્તારો હોય, ત્યાંથી પસાર થવાનું ટાળે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગ દ્વારા સમય અંતરે અપાતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે. પંચાયત માર્ગ અને મકાન વિભાગ, ડાંગ-આહવા જિલ્લાની જનતાની સુરક્ષા અને સુવિધા માટે ૨૪×૭ સતત સેવારત છે.

# ખેરગામ-બહેજ-વડપાડા માર્ગે એસટી બસ સેવા શરૂ થતા ગ્રામજનોને રાહત




**ખેરગામ, તા.૦૬ :** રૂપિયા ૧૯ કરોડના માતબર ખર્ચે સિમેન્ટ કોન્ક્રીટના બિનજરૂરી બનાવવામાં આવેલા ૧૦.૮ કિમી લંબાઈના માર્ગના નવીનીકરણ માટે કોઈપણ જાતના પ્રતિબંધ, વૈકલ્પિક માર્ગની જાણ કર્યા વગર કામકાજ શરૂ કરવામાં આવતા લાગૂ દસેક ગામના લોકોને એક વર્ષ સુધી બસ માટે ભારે ત્રાસ સહન કરવો પડ્યો, પગપાળા ચાલવું પડ્યું.

ત્રણેક દિવસથી વલસાડ બીલીમોરા ની બસ સેવા શરૂ થઈ પણ ધરમપુરની દોડતી હતી નહીં પરિણામે મુસાફરો દુ:ખી હતા સોમવારથી ધરમપુર ડેપો મેનેજર જ સૂચના આપતા તમામ બસ સેવા જુના રસ્તે એટલે કે વાયા બહેજ જામનપાડા વડપાડા શરૂ થતા અનેક મુસાફરોને રાહત થઈ છે.

# દેવસરમાં ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૬ :** બીલીમોરા નજીક આવેલી પ્રાથમિક વિદ્યામંદિર દેવસર-૨ અને વલસાડની યોગિની મેટરનીટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રવિવારે સવારે બાળકો અને સ્ત્રીઓ માટે વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્ત્રીઓ તેમજ બાળકોને લગતા તમામ રોગોની તપાસ કરી નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં અમદાવાદના ૬ ડોક્ટરોની ટીમ દ્વારા દર્દીઓના હિમોગ્લોબિન અને કેલ્શિયમની તપાસ કરવામાં આવી હતી, જેનો અંદાજે ૬૫ જેટલા બાળકો અને સ્ત્રીઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો. આ ઉપરાંત, ૧૫ દર્દીઓએ સોનોગ્રાફીનો લાભ લીધો હતો અને તમામ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે વધુ સારવારની જરૂરિયાતવાળા પાંચ દર્દીઓને યોગિની મેટરનીટી હોસ્પિટલ ખાતે રિફર કરાયા હતા. કેમ્પમાં સ્ત્રી રોગ નિષ્ણાત ડો. યોગિની રોલેકર અને બાળ રોગ નિષ્ણાંત ડો. ગિરધર રોલેકરે પોતાની પ્રશંસનીય સેવાઓ આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાથમિક વિદ્યામંદિર દેવસર-૨ના આચાર્યા દક્ષાબેને સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો, જ્યારે સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે વંકાલ ગ્રામ પંચાયતના સભ્ય તથા વ્યાયામ શિક્ષક દીપકકુમાર પટેલે ભારે જેહમત ઉઠાવી હતી.

# નવસારી કલેકટર ગુરવાનીએ વાંસદા કોટેજ હોસ્પિટલનું નિરીક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૬ :** નવસારી જિલ્લા સમાહર્તા તરીકે મનીષ ગુરવાનીની નિમણૂંક થઈ છે. ત્યારથી તેઓ સમયબધ્ધ જે તે વિસ્તારની રસપૂર્વક મુલાકાત લઈ અધિકારી પદાધિકારી કે નાગરિકો સાથે સંવાદ કરી સમસ્યાના નિકાલ માટે તત્પર રહે છે. શુક્રવાર ત્રીજી જૂલાઈ વાન્સદા ખાતે નમો સ્વાસ્થ્ય સપ્તાહ અંતર્ગત મુલાકાતે આવ્યા હતાં અને સરકારી કૉટેજ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમનું ઈન્ચાર્જ અધિક્ષક મોહિની પટેલ - ગાયનેકોલોજિસ્ટ, આરએમઓ ડૉ. ભરત પટેલે સ્વાગત કર્યું હતું. તબીબો કર્મચારીઓ અને દર્દીઓ સાથે સંવાદ કરી અસુવિધા વિશે માહિતી મેળવી હતી. ઍનાલાઈઝર રીડરની જરૂરિયાત વિશે ડૉ. ભરતભાઈએ ધ્યાન દોરતા તાત્કાલિક આઠેક લાખની કિંમતના આ ઉપયોગી સંયંત્ર માટે જરૂરી કાર્યવાહી ચાલુ કરાવી દીધી હતી. આરેમો ડૉ. ભરતભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ખેરગામની ૧૦૮ માં સફળ પુષ્પ ખિલવ્યું

## બહેજની મહિલાને સગર્ભાનો દુ:ખાવો ઉપડતાં એમ્બ્યુલન્સમાં જ ડિલીવરી કરી પડી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૬ :** નવસારી જિ., ખેરગામ તા.ના બહેજ - મોટા ફ.માં રહેતા સગર્ભા સુંદરબેન સતીશભાઈ પટેલ ને બીજી વખત સગર્ભાનો દુ:ખાવો ઉપડતા પતિ સતિષભાઈએ ૧૦૮ સેવાને કૉલ કરતા ખેરગામ સ્વા. મંદિર સ્થિત એમ્બ્યુલન્સને સૂચના મળતા ૧૦૮ ટીમ ઘટના સ્થળે જવા ત્વરિત રવાના થઇ અને સતિષભાઈને સગર્ભા પત્નીની પરિસ્થિતિ અનુરૂપ પગલાં ભરવાની મૌખિક સૂચના આપી સાથે જરૂરી મમતાકાર્ડ કાગળો તૈયાર રાખવા જણાવ્યું હતું.

૧૦૮ના ઈએમટીએ પ્રસુતિ સમય પહેલા સાવચેતીના પગલા ભરવાની જરૂરી જાણકારી આપી હતી. ખેરગામથી ૧૦૮ એમ્બ્યુલન્સ દસેક મિનિટમાં પ્રસુતાના ઘરે પહોચી ગઈ જે દરમિયાન ઈએમટીએ ડિલિવરી જો કરવાની થાય તો તેની બધી તૈયારી પણ કરી દીધી હતી.

ખેરગામ રેફરલમા દર્દીને લાવવા ૧૦૮ પ્રસુતા લઈને હોસ્પિટલ જતા ૨ - ૩ કિમીમાં જ પ્રસુતાની સ્થિતિ ગંભીર થતા પ્રસવનો દુ:ખાવો વધારે થતાં ૧૦૮ સેવાના ઈએમટી રવિ પટેલએ તાત્કાલિક તેમના સાથી પાઈલોટ અનિલભાઈ પટેલને રસ્તાની સલામત બાજુમાં ઉભી રાખવા કહ્યું અને પછી પ્રસુતાને ઈએમટી રવિએ તપાસતા બાળકનું માથું દેખાતું હોય પ્રસુતિની તૈયારી કરી ૧૦૮ સેવામાં જ કુદરતી સામાન્ય સફળ પ્રસુતિ કરાવી હતી. ૧૦૮ના ઈએમટી રવિ પટેલે પાઈલોટ અનિલ સાથે સફળતાપૂર્વક ડિલિવરી કરાવી માતા સુંદરબેન તેમજ નવજાત શિશુનો જીવ જોખમમાં હતો તેને બચાવ્યા હતાં. સુંદરબેન સતીશભાઈ પટેલ ને હાલ પાંચ વર્ષીય હેનીલ છે, બીજી ડિલિવરી માં પુત્ર જન્મ ૧૦૮ માં જ સફળતાપૂર્વક થતા પરિવારજનોમાં ખુશીનો માહોલ સર્જાયો અને ખેરગામ ૧૦૮ એમ્બ્યુલન્સ ની ટીમ - રવિ પટેલ-અનિલનો ખુબ આભાર માન્યો હતો.

રેફરલ હોસ્પિટલના ડૉ. વિપુલ પટેલે અને સ્ટાફ નર્સે પણ ખેરગામ ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમના સરાહનીય સેવા બજાવવા બદલ ખુબ વખાણ કરી ધન્યવાદ આપ્યા હતા. પ્રસુતા સુંદરબેન, નવજાત સુંદરબાળ રેફરલ હોસ્પિટલમાં દેખરેખ હેઠળ છે.

સફળ પ્રસુતિની જાણ નવસારી જિલ્લાના ૧૦૮ એમ્બ્યુલન્સના પ્રોગ્રામ મેનેજર હેમંત સોલંકી, ઈએમઈ વિજયસરને થતાં તેમણે પણ ખેરગામ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ રવિ પટેલ, પાઇલોટ અનિલભાઈ પટેલને - ગુડ જોબનું બિરુદ આપી ખેરગામ ૧૦૮ એમ્બ્યુલન્સ ની ટીમની પ્રશંસા કરી હતી.

# કુરેલીયા મા. શાળાનાં સેવકને વિદાયમાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૬ :** વાંસદા તાલુકાના કુરેલીયા ગામે સરકારી માધ્યમિક શાળા ૩૭ વર્ષની સેવા બાદ પટાવાળા મહેશભાઈ નારણભાઇ પટેલના નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ યોજાયો હતો. ગ્રામજનો શાળા પરિવાર પૂર્વ વિદ્યાર્થીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા વિદ્યાર્થીઓએ ગીત - નૃત્ય અને નાટિકા રજૂ કર્યા હતો. મહેમાનોએ જણાવ્યું કે મહેશભાઈ પટેલ વર્ષો સુધી શાળાની સેવા નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે આપી હતી. તેમની મહેનત અને માર્ગદર્શનથી અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ કરી આજે સમાજમાં સારું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શાળા પરિવારના દ્વારા શાલા ઓઢાડી સ્મૃતિ ચિન્હ અર્પણ કરી તેમનું સન્માન કરાયું હતું. મહેશભાઈ નારણભાઇ પટેલ ભાવવિભોર બની ગ્રામજનો અને શાળા પરિવાર નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખેરગામ રામજી મંદિરમાં રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૬ :** ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની સવાસોમી જન્મ જયંતી ઉજવણી સંદર્ભ આયોજિત સ્વૈચ્છિક રક્તદાન યજ્ઞમાં ખેરગામના રામજી મંદિર સંકુલમાં રકતદાન શિબિર યોજાઈ હતી. ખેરગામ રામજી મંદિર સંકુલના સાંસ્કૃતિક ખંડમાં અતુલ રૂરલ ડેવ. ફંડ, કર્તવ્ય ગ્રુપ તેમજ ખેરગામ તાલુકા ભાજપ યુવા મોર્ચા દ્વારા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની સવાસોમી જન્મ જયંતી ઉજવણી સંદર્ભ આયોજિત સ્વૈચ્છિક રક્તદાન યજ્ઞમાં વલસાડ ડાંગના લોકપ્રિય સાંસદ ધવલ પટેલે ખાસ હાજરી આપી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતાં. જેમાં નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ નિરાલીબેન નાયક, ખેરગામ તા. પંચાયતના કારોબારી અધ્યક્ષા જીજ્ઞા પટેલે પણ રકતઆહુતિ આપતા ૫૭ જેટલી રક્ત આહુતિ પ્રાપ્તિ થઈ હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૬-૦૭-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** જેઠ, સાતમ **સૂર્યોદય :** ૦૬ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૭ :૨૫, **ચંદ્રોદય** - ૧૧:૩૭ **ચંદ્રાસ્ત** - ૧૨:૧૫ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - પૂર્વભાદ્રપદ

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમને નવા અવસર મળશે અને તમારી સમજદારીથી સમાજમાં ઓળખ મજબૂત થશે. આર્થિક નિર્ણયો ભવિષ્યમાં લાભદાયી રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજનો દિવસ જવાબદારીઓને સફળતામાં બદલવાનો છે. પરિવાર સાથે આનંદદાયક સમય વિતશે અને માનસિક શાંતિ મળશે.

**મિથુન (ક, ઘ, ચ) :** વડીલોના આશીર્વાદ તમારું આત્મવિશ્વાસ વધારશે. કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયમાં ઉતાવળ ન કરવી.

**કર્ક (ડ, હ) :** સંતુલન જાળવવું એ તમારી સફળતાની ચાવી રહેશે. આવક અને ખર્ચ વચ્ચે તાલમેલ જળવાઈ રહેશે.

**સિંહ (મ, ટ) :** આર્થિક લક્ષ્યો તરફ આગળ વધશો. કામમાં સ્પષ્ટતા જળવાઈ રહેશે અને બીજાની સલાહ સાંભળવી ફાયદાકારક રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારી લાગણીઓ આજે તમને માર્ગદર્શન આપશે. અંગત જરૂરિયાતો અને અન્યની સંભાળ વચ્ચે સંતુલન રહેશે.

**તુલા (ર, ત) :** દિવસના પડકારોનો સામનો કરવા માટે તમારી ધીરજ અને શક્તિ પર ભરોસો રાખો.

**વૃશ્ચિક (ન, ય) :** તમારી કાર્યસ્થળ પર કરેલી મહેનત રંગ લાવશે અને વ્યાવસાયિક જીવનમાં પ્રશંસા મળશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** વાતચીત દ્વારા સંબંધો મજબૂત થશે. તમારા -યાસોને સતત માન્યતા મળતી રહેશે.

**મકર (ખ, જ) :** નવી દ્રષ્ટિ માટે તૈયાર રહેશો અને પોતાની ભાવનાઓનું સન્માન કરવાનો સમય છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** તમારી આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ દરમિયાન સ્વાસ્થ્ય પણ અનુકૂળ અને ઉત્સાહવર્ધક રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** લવ લાઈફ સારી રહેશે અને નોકરી-વ્યવસાયમાં આગળ વધવાના સત્તાવાર તકો મળશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




# ‘વેલકમ ટુ ધ જંગલ’એ ૧૦૦ કરોડના ક્લબમાં મારી એન્ટ્રી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**


**મુંબઈ, તા.૬ :** અક્ષય કુમારની કોમેડી ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ રિલીઝ થયા પછીથી જ હિટ રહી છે. લોકો ફિલ્મને ખૂબ પસંદ કરી રહ્યા છે. ‘ભૂત બંગલા’ પછી તે ૨૦૨૬ની અક્ષયની બીજી સૌથી મોટી હિટ ફિલ્મ બની ગઈ છે. એવામાં હવે ફિલ્મએ માત્ર ૯ દિવસમાં ૧૦૦ કરોડ ક્લબમાં પ્રવેશી ગઈ છે. તો ચાલો તમને જણાવીએ કે તે તેના બજેટના કેટલા ટકા રિકવર થઈ છે. ‘વેલકમ ટુ ધ જંગલ’ એ બોક્સ ઓફિસ પર શાનદાર બિઝનેસ કરી રહીછે. સેકનિલ્કના રિપોર્ટ મુજબ ફિલ્મે પહેલા અઠવાડિયામાં ૯૩.૧૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ હતું. બીજા અઠવાડિયાની પણ શરૂઆત સારી રહી હતી.સેકનિલ્ક મુજબ ફિલ્મે બીજા શુક્રવારે ૮મા દિવસે ૪.૫૦ કરોડનું કલેક્શન કર્યુ.દરમિયાન ફિલ્મે ૯મા દિવસે રાત્રે ૮:૩૦ વાગ્યા સુધીમાં ૩.૮૫ કરોડનું કલેક્શન કર્યુ.આ પછી ફિલ્મનું ભારતમાં ચોખ્ખું કલેક્શન ૧૦૧.૫૦ કરોડ પર પહોંચી ગયું છે.જોકે ‘વેલકમ ટુ ધ જંગલ’ના બજેટ અને તેની રિકવરીના ટકાવારી વિશે વાત કરીએ તો સેકનિલ્ક મુજબ ફિલ્મનું વિશ્વવ્યાપી કલેક્શન ૧૪૩.૨૭ કરોડ પર પહોંચી ગયું છે, જ્યારે કોઈમોઈ અનુસાર તેનું બજેટ ૧૨૫ કરોડ હતું. આ હિસાબથી ફિલ્મનો નફો માત્ર ૯ દિવસમાં ૧૪.૬૨% પર પહોંચી ગયો છે.જોકે ‘વેલકમ ટુ ધ જંગલ’માં ૩૦ કલાકારોનો સમાવેશ થાય છે. અહેમદ ખાન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં અક્ષય કુમાર, દિશા પટણી, જેક્લીન ફર્નાન્ડીઝ, સુનિલ શેટ્ટી, જેકી શ્રોફ અને અન્ય કલાકારો છે.વેલકમ ટુ ધ જંગલ એ અક્ષય કુમારની ૨૦૨૬ ની બીજી મોટી હિટ ફિલ્મ બની છે. આ અભિનેતાએ અગાઉ ‘ભૂત બંગલા’ ફિલ્મ સાથે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. આ હોરર કોમેડી ફિલ્મની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

# કાજલ અગ્રવાલ ફિલ્મમાં મંદોદરીની ભૂમિકામાં

## ‘રામાયણ’માં અન્ય અગ્રણી કલાકારોની સાથે રણબીર કપૂર રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણની ભૂમિકા નિભાવી રહ્યા છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** કાજલ અગ્રવાલે ‘રામાયણ’ના પહેલા ભાગમાં પોતાની ભૂમિકા તદ્દન નજીવી હોવાની વાત સ્વીકારી છે. તે ફિલ્મમાં મંદોદરીની ભૂમિકા ભજવી રહી છે.પ્રોજેક્ટ વિશે વાત કરતા કાજલે જણાવ્યું કે તેણે માત્ર પ્રથમ ભાગ માટે શૂટ કર્યું છે અને પ્રારંભિક પ્રકરણોમાં લંકાનો હિસ્સો નાનો હોવાથી સ્વાભાવિકપણે મંદોદરી



તરીકે તેની ભૂમિકા નાની રહેવાની છે. જોકે, તેણે કહ્યું હતું કે આ ફિલ્મમાં કામ કરવાથી મને ઘણું શીખવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે ‘રામાયણ’માં અન્ય અગ્રણી કલાકારોની સાથે રણબીર કપૂર રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણની ભૂમિકા નિભાવી રહ્યા છે. બે ભાગમાં બની રહેલી આ ફિલ્મ આ વર્ષે અને આવતા વર્ષે દિવાળી દરમ્યાન રજૂ થવાની છે.કાજલ હવે ૨૪ જુલાઈએ રજૂ થનારી ‘ઈન્ડિયા સ્ટોરી’માં પણ જોવા મળશે.

# હાથીદાંત રાખવા બદલ કાનૂની માફી માગવા મોહનલાલના પ્રયાસો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** મલયાલમ સુપરસ્ટાર મોહનલાલે સ્વીકાર્યુ છે કે તેણે હાથીદાંત સહિતની વન્યજીવોને લગતી પ્રતિબંધિત ચીજો પોતાના સંગ્રહમાં રાખી છે. હવે મોહનલાલે વન ટાઈમ એમ્નેસ્ટીની સ્કિમ હેઠળ ફોર્મ ભર્યુ છે. મોહનલાલનો ઈરાદો વન્યજીવો સાથે સંકળાયેલી પોતાની વસ્તુઓને કાનૂની રૂપે કાયદેસર બનાવવાનો અને કાનૂની સુરક્ષા હાંસલ કરવાનો છે. સ્કીમની પ્રક્રિયા હેઠળ હાલ તેના આવેદનની ચકાસણી થઈ રહી છે.તપાસના હિસ્સા તરીકે વન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ મોહનલાલના કોચી સ્થિત ઘરની મુલાકાત લીધી હતી અને તેની પાસે હાથીદાંતની વસ્તુઓના સ્રોત, તેને ક્યારે મેળવી તેમજ પહેલા તેની જાણકારી કેમ ન અપાઈ તેના વિશે પૂછપરછ કરી



હતી. આ તપાસ કેરળ હાઈકોર્ટના તેના માલિકી હક્કના સર્ટિફિકેટ રદ કરવા અને હાથીદાંતની વસ્તુઓ પોતાની પાસે રાખવાની મંજૂરી દેનાર સરકારી આદેશને અમાન્ય કરવાના ચુકાદા બાદ થઈ છે. કાનૂની વિવાદ હજી શમ્યો નથી. મોહનલાલે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીને પડકારી છે અને કેરળ હાઈકોર્ટમાં આપરાધિક કેસને રદ કરવાની માગણી કરી છે.

# કપૂર પરિવારની લાડલી અંશુલાના મહેંદી ફંક્શનમાં પટોળું પહેર્યુ


**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** કપૂર પરિવારની દીકરીના હાથમાં મહેંદી લાગી ગઈ છે. તેમજ ચુડા રીવાજ પણ પૂર્ણ થયો છે. અંશુલા કપૂર ગુજરાતી પરિવારની વહુ બનવા જઈ રહી છે. ત્યારે તેમણે મહેંદી સેરમનીમાં ખુબ સુંદર ટ્રેડિશનલ લહેંગો પહેર્યો હતો. જેનું ગુજરાતી સાથે ખાસ કનેક્શન છે.બોની કપૂરની મોટી દીકરી અંશુલા કપૂર ૬ જુલાઈના રોજ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે.આજે અંશુલા રોહન ઠક્કર સાથે લગ્નના બંધનમાં બંધાશે. લગ્ન પહેલા પ્રી વેડિંગ ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ.દુલ્હનનો મહેંદી લુક હવે જાહેર થઈ ગયો છે. આ માટે, તેણીએ પીળા અથવા પેસ્ટલ રંગોને છોડીને વાદળી લહેંગા પહેર્યો, જેણે લોકોના દિલ જીતી લીધા.૯૦૦ વર્ષ જૂની આ કલાને સજાવતા, અંશુલા તેના નવા ગુજરાતી પરિવાર પ્રત્યેનો પ્રેમ અને આદર દર્શાવવા માંગતી હતી, જે તેના પટોળા લહેંગાએ સંપૂર્ણ રીતે કર્યુ હતું. મહેંદી લુક ફંક્શન માટે અંશુલાએ પટોળું પહેર્યું હતુ. જે ગુજરાતની ફેમસ પટોળાથી પ્રેરિત છે.પોતાના લુક પાછળની પ્રેરણા વિશે વાત કરતા, અંશુલાએ તેના ઈન્સ્ટાગ્રામ પર કહ્યું કે આ પોશાક તેના નવા પરિવાર અને તેના સાંસ્કૃતિક મૂળને જોડે છે.“મારી મહેંદી માટે, હું ઈચ્છતી હતી કે મારો લુક તે પરિવારનું સન્માન કરે જેની સાથે હું જોડાઈ રહી છું,ડિઝાઈનરની સિગ્નેચર મિરર વર્ક ડિટેલિંગ આને મોર્ડન ટચ આપી રહ્યું છે. જેમણે અંશુલાએ પોતાના સાસરિયાની સંસ્કૃતિ અને વિરાસતને સમ્માન આપવા માટે પસંદ કર્યુ છે.પટોળું ગુજરાતની શાન છે. આજે પટોળું દુનિયાભરની ઓળખ બની ગયું છે. અંશુલાના ડ્રેસને અર્પિતાએ ડિઝાઈન કર્યો છે.

# દેવઆનંદ અને ઝિન્નત અમાનની સફળ જોડી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** આનંદની કારકિર્દી અને ફિલ્મોથી ચાર પેઢીઓ પરિચિત છે. તેમની ૧૧૫થી વધુ ફિલ્મોમાં ગાઈડ ફિલ્મ સર્વાધિક સફળ રહી હતી. અંગ્રેજી ફિલ્મ ગૈઈડ ફલોપ જવા છતાં અને હિન્દી ગાઈડ માટે મૂળ લેખક આર કે નારાયણની ભારે નારાજગી હોવા છતાં ફિલ્મે અસાધારણ લોકપ્રિયતા મેળવી હતી. ૧૯૪૬થી ૨૦૧૧ એમ સાત દાયકા સુધી ફિલ્મોમાં અભિનય કરનાર દેવઆનંદ ૨૧મી સદીમાં એક દંતકથા સમાન બની ગયા છે. આવી જ લોકપ્રિયતામાં દેવઆનંદની અત્યંત સફળ ફિલ્મ તરીકે બીજા નંબરે ”હરે રામા, હરે કૃષ્ણા” હતી. ફિલ્મ આવી તે અગાઉનો દેશનો માહોલ ૧૯૬૭ના જનરલ ઈલેકશન પછી અજંપાભરી પરિસ્થિતિવાળો હતો. કોન્ગ્રેસ પક્ષમાં આંતરિક પડકારોની સમાજજીવન પર અસર થતી જોવા મળી હતી. મોંઘવારી વધી રહી હતી અને અનેક હતાશ બેકાર યુવાનો દુઃખ છૂપાવવા ગાંજાના રવાડે ચડ્યા હતા. અમેરિકામાં બીટલ્સનાં નૃત્યો ધૂમ મચાવતાં હતાં અને અમેરિકાના તત્કાલીન પ્રમુખ લિન્ડન જહોન્સન વિયેટનામ યુદ્ધના કળણમાં ડૂબી રહ્યા હતા ત્યારે ૧૯૭૦માં આ ફિલ્મ યુવાનોની હતાશા અને બરબાદી દર્શાવવામાં સફળ રહી હતી. આ વ્યથાને ફિલ્મના પડદે દેવઆનંદે ઉતારી એક તદ્દન નવી જ હીરોઈન ઝિન્નત અમાન પર દાવ લગાવીને અને એમાં પણ ફિલ્મમાં એના ભાઈ બનીને, રૈષ્ઠર ક્રજ દ્દીઅિ હેજેક્રજ્ઞ, છતાં જોડી જામી ગઈ. પછીનાં આઠ વર્ષોમાં આ બન્ને કલાકારોએ આઠ ફિલ્મો કરી ડંકો બજાવી દીધો હતો. આ બધી જ ફિલ્મો વાર્તાની દૃષ્ટિએ નવીનતાથી ભરપૂર હતી, સંગીત પણ સારું હતું અને દરેક ફિલ્મનું એકાદ ગીત તો તમારે ગણગણવું જ પડે એવો જમાનો હતો. દેવ આનંદ અને ઝિન્નત અમાનની આ તમામ પ્રખ્યાત ફિલ્મોની ટૂંકી અને રસપ્રદ વાર્તાઓ નીચે મુજબ છે:હરે રામા હરે ક્રિષ્ણા (૧૯૭૧):આ વાર્તા એક ભાઈ-બહેનની છે. પ્રશાંત (દેવ આનંદ) તેની નાની બહેન જસબીર (ઝિન્નત અમાન) ને શોધવા નેપાળના કાઠમંડુ આવે છે. માતા-પિતાના છૂટાછેડાને કારણે નાનપણમાં બંને અલગ થઈ ગયાં હતાં. જસબીર હવે પોતાનું નામ ‘જેનિસ’ રાખીને હિપ્પીઓના ગ્રુપમાં ડ્રગ્સની આદિ બની ગઈ હોય છે. પ્રશાંત તેને આ નરકમાંથી બહાર કાઢવા અને તેની યાદશક્તિ પાછી લાવવા માટે સંઘર્ષ કરે છે, પરંતુ અંત ખૂબ જ કરુણ હોય છે. આ ફિલ્મનું અતિ લોકપ્રિય ગીત “દમ મારો દમ” હતું, જે આશા ભોંસલેએ ગાયું હતું.



# ૬૧ વર્ષની ઉંમરમાં અભિનેતા આમિર ખાને કર્યાં ત્રીજા લગ્ન



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** બોલીવુડ સુપરસ્ટાર આમિર ખાને ગૌરી સ્પ્રાટ સાથે લગ્ન કરી લીધા છે. આ લગ્ન મુંબઈના બાંદ્રામાં આવેલા આમિર ખાનના ઘર પર સાદાઈથી થયા છે. બંને છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી સાથે હતા. રવિવારે એક ખાનગી ઈવેન્ટમાં તેમના પરિવારના લોકો અને ખાસ મિત્રો સામેલ થયા હતા. આમિરના પ્રવક્તાએ તેની પુષ્ટિ કરી છે. આ પ્રસંગે તેના પાછલા લગ્નના ત્રણેય બાળકો પણ હાજર રહ્યાં હતા. લગ્નના કાર્યક્રમ શરૂ થતાં પહેલા આમિરની દીકરી ઈરાન ખાન અને પુત્ર જુનૈદ ખાન તેના ઘરે પહોંચ્યા હતા. લગાન ફિલ્મના ડાયરેક્ટર આશુતોષ ગોવારિકર અને અભિનેત્રી એલી અમરાવ પણ જશ્નમાં સામેલ થયા હતા. આમિર અને ગૌરી પ્રથમવાર આશરે ૨૫ વર્ષ પહેલા મળ્યા હતા. પરંતુ બંનેનો સંબંધ ૨૦૨૪મા ત્યારે શરૂ થયો જ્યારે તેઓ બેંગલુરમાં આમિરની પિતરાઈ બહેન નુઝહત ખાન દ્વારા ફરી મળ્યા હતા. આ પહેલા આમિર ખાને ડાયરેક્ટર કિરણ રાવ સાથે લગ્ન કર્યાં હતા. બંનેની મુલાકાત ફિલ્મ લગાનના સેટ પર થઈ હતી, જ્યાં કિરણ સહાયક ડાયરેક્ટર હતી. બંનેએ

**આમિર ખાને પોતાના ઘરમાં ગૌરી સાથે રજીસ્ટર મેરેજ કર્યાં : પરિવારજનો અને નજીકના મિત્રો હાજર રહ્યાં**

૨૦૦૫મા લગ્ન કર્યાં અને ૨૦૧૧મા સરોગેસી દ્વારા પુત્ર આઝાદ રાવ ખાનને જન્મ આપ્યો હતો. લગ્નના ૧૬ વર્ષ બાદ ૨૦૨૧મા બંને અલગ થઈ ગયા હતા. છૂટાછેડા બાદ પણ બંને સારા મિત્ર છે અને સાથે બાળકનો ઉછેર કરી રહ્યાં છે અને પાણી ફાઉન્ડેશન તથા ફિલ્મોમાં પણ સાથે કામ કરે છે. કિરણ પહેલા આમિરે વર્ષ ૧૯૮૬મા રીના દત્તા સાથે લગ્ન કર્યાં હતા. તે શરૂઆતી દિવસોમાં બંનેની લવ સ્ટોરી ખુબ ચર્ચામાં રહી હતી. આ લગ્ન લગભગ ૧૬ વર્ષ ચાલ્યા અને ૨૦૦૨મા બંનેના છૂટાછેડા થયા હતા. સંબંધ તૂટ્યા બાદ પણ આમિરે રીના સાથે સન્માનજનક સંબંધ બનાવી રહ્યો છે. હવે આમિરે પોતાની નવી યાત્રા શરૂ કરી છે, ફેન્સ અભિનેતાને શુભેચ્છા આપી રહ્યાં છે.

# મહિલા સિનેમેટોગ્રાફર્સ સંગઠને પ્રતીક શાહની માફી ફગાવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** ઈન્ડિયન વુમન સિનેમેટોગ્રાફર્સ કલેક્ટિવ (આઈડબ્લ્યુસીસી) એ અનેક યૌન દુર્વ્યવહારના આરોપો બાબતે ‘હોમબાઉન્ડ’ સહિતની ફિલ્મોના સિનેમેટોગ્રાફર પ્રતીક શાહની માફી ફગાવી દીધી છે અને તેને વાસ્તવિક પશ્ચાતાપની બદલે એક હેતુપૂર્વકની રણનીતિ ગણાવી છે. કલેક્ટિવે ફિલ્મ ઉદ્યોગને આગ્રહ કર્યો છે કે પ્રતીક શાહના નિવેદનને ખરી માફીની બદલે વ્યાવસાયિક પ્રતિષ્ઠા બચાવવાનો પ્રયાસ તરીકે ગણાવું જોઈએ.એક વિસ્તૃત નિવેદનમાં આઈડબ્લ્યુસીસીએ પ્રતીક શાહ પર મહિલા સહકર્મીઓની નગ્ન તસવીરો માગવી તથા



ભાવનાત્મક શોષણ કરવા સહિતના ગંભીર પોતાની સામેના આરોપોને નબળા પાડવા માટે ચિકિત્સાના બહાના ઉપજાવવા તથા તેમજ ગોળગોળ ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. કલેક્ટિવની દલીલ છે કે તેની માફીમાં સામેલ મહિલાઓને થયેલી પીડાની અવગણના કરવામાં આવી છે અને તેની બદલે પોતાની દાવ પર લાગેલી પ્રતિષ્ઠા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.તેના ચિકિત્સા અને સંયમના દાવા પર પણ સવાલ ઉઠાવાયા છે અને તેને લોકોનું ધ્યાન ભટકાવવાની રણનીતિ ગણાવી છે.આઈડબ્લ્યુસીસીએ આરોપ લગાવ્યો છે કે શાહએ વર્ષો પહેલા એક અન્ય ફરિયાદ પછી આવી જ રીતે માફી માગી હતી અને વ્યવહારને બદલ્યા વિના વારંવાર માફી માગવાની ચાલાકી કરી હતી. નવા આરોપોને કારણ પ્રતીકે સૌરવ ગાંગુલીની બાયોપિક સહિતની કેટલીક ફિલ્મો ગુમાવવી પડી છે.

# ‘આલ્ફા’ દેશભરમાં ૨,૭૫૦ સ્ક્રીન્સ પર ૯,૦૦૦થી વધુ શોઝ પર રિલીઝ કરવામાં આવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૬ :** આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની યશ રાજ ફિલ્મ્સની સ્પાય થ્રિલર ‘આલ્ફા’ને દેશભરમાં ભવ્ય રિલીઝ મળી છે. આ અંગેના અહેવાલો અનુસાર ફિલ્મ ભારતભરમાં ૨,૭૫૦ સ્ક્રીન્સ પર અને ૯,૦૦૦થી વધુ શોઝ સાથે રિલીઝ થઈ છે. તેને મહિલા કેન્દ્રિત ફિલ્મ માટે આ અત્યાર સુધીની સૌથી મોટી રિલીઝમાંની એક માનવામાં આવી રહી છે. ફિલ્મનું ડિરેક્શન શિવ રાવૈલે કર્યુ છે અને તે યશ રાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની પ્રથમ મહિલા-કેન્દ્રિત ફિલ્મ છે. હાલ બોક્સ ઓફિસ પર ‘વેલકમ ટુ ધ જંગલ’, ‘કોકટેલ ૨’ અને ‘મૈં વાપસ આઉંગા’ જેવી ફિલ્મો ચાલી રહી હોવા છતાં યશરાજ ફિલ્મ્સે પોતાની મજબુત વિતરણ વ્યવસ્થાના આધારે ‘આલ્ફા’ માટે નોંધપાત્ર સ્ક્રીન્સ મેળવવામાં સફળતા મેળવી છે.ટ્રેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, જો ફિલ્મને સારો પ્રતિસાદ મળશે તો વીકેન્ડ દરમિયાન તેના બોક્સ ઓફિસ કલેક્શનમાં નોંધપાત્ર વધારો થઈ



શકે છે. શરૂઆતના અંદાજ મુજબ ફિલ્મ પ્રથમ દિવસે નેશનલ મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં આશરે ૩૫ હજાર ટિકિટનું એડવાન્સ બૂકિંગ નોંધાવી ચુકી છે અને લગભગ ૭ કરોડની ઓપનિંગ મેળવી શકે છે. ‘આલ્ફા’ યશ રાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સમાં આલિયા ભટ્ટના મુખ્ય પાત્ર સાથેની પ્રથમ ફિલ્મ છે. ફિલ્મની વાર્તા એક એવા પ્રયોગની આસપાસ ફરે છે, જેમાં એક ખાસ સીરમ દ્વારા સામાન્ય માનવીને સુપરહ્યુમનમાં ફેરવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઘટનાક્રમમાંથી જન્મેલી યુવતી ‘આલ્ફા’ પોતાનાં ભુતકાળ અને ઓળખની શોધમાં આગળ વધે છે.ફિલ્મમાં અનિલ કપૂર કર્નલ વિક્રાંત કૌલના પાત્રમાં છે, જ્યારે બોબી દેઓલ વિલન ફતેહ તરીકે નજરે પડે છે. દિયા મિર્ઝાનું પાત્ર ટૂંકું હોવા છતાં અસરકારક છે. ફિલ્મનો મૂળ વિચાર રસપ્રદ હોવા છતાં તેની ભાવનાત્મક રજૂઆત પુરતી અસરકારક બની શકતી નથી. પ્રથમ ભાગ ધીમો અને ઓછો રોમાંચક લાગે છે. આલિયા ભટ્ટે એક્શન સીનમાં મહેનત કરી છે, પરંતુ તેમ છતાં તેનાં પાત્રમાં જરૂરી પ્રભાવ અને કરિશ્માની કેટલાક સીનમાં કમી અનુભવાય છે.ફિલ્મના બીજા ભાગમાં રિતિક રોશનના કેમિયોથી ફિલ્મમાં નવી ઊર્જા આવે છે. તેના થોડા જ મિનિટોના સીન સમગ્ર ફિલ્મનાં સૌથી યાદગાર સીન બની રહે છે. બીજી તરફ, શર્વરી પોતાની ભુમિકામાં વિશ્વસનીય દેખાય છે અને પોતાની જવાબદારી સારી રીતે નિભાવે છે.

# મીના કુમારીની બાયોપિકની પટકથા ચાર વર્ષ બાદ આખરે તૈયાર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૦૬ :** મીના કુમારીની બાયોપિકની પટકથા તૈયાર થઈ ગઈ છે અને હવે શૂટિંગ માટે તૈયારીઓ શરુ કરાઈ છે. તે પહેલાં નિર્માતાએ મીનાકુમારીના નામ તથા સિનેમેટિક તથા ઓડિયોવિઝ્યુલ ટ્રેડમાર્ક પર પોતાના હક્કો અબાધિત હોવાની નોટિસ પણ આપી છે.નિર્માતાએ જણાવ્યું છે કે મીનાકુમારીના નામ સહિતના ઓડિયોવિઝ્યુલ ઉપયોગ માટે ખાસ ટ્રેડમાર્ક અધિકારો અમારી પાસે છે અને તેંમની પરવાનગી વિના તેનો કોઇ રીતે ઉપયોગ કરવામાં આવશે તો તે ગેરકાયદે ગણાશે અને તેની સામે કાનુની પગલાં ભરવામાં આવી શકે



છે.ઓલમાઈટી મોશન પિક્ચરની સહસ્થાપક પ્રભલીન સંધુએ જણાવ્યું હતું કે અમે આ સ્પષ્ટતા સંપૂર્ણ પારદર્શકતા જાળવવા અને ભવિષ્યમાં કોઇ બિનજરૂરી ગુંચવણ ન થાય તે માટે જારી કરી છે. ફિલ્મની પટકથા ચાર વર્ષની મહેનત બાદ તૈયાર થઇ ચૂકી છે અને અમે આગામી મહિનાઓમાં

**બાદમાં કોઈ કાનુની દાવપેચનો સામનો ન કરવો પડે તે માટે નિર્માતાએ ટ્રેડમાર્કની નોટિસ આપી**

ફિલ્મનું પ્રોડકશન શરૂ કરીશું. જો કે, ફિલ્મના દિગ્દર્શક અને અન્ય કળાકારો વિશે કોઇ માહિતી આપવામાં આવી નથી.પણ ફિલ્મની પટકથા તૈયાર હોવાની જાહેરાત કરવામાં આવી તેનો અર્થ એ છે કે ફિલ્મ હવે પ્રિ-પ્રોડકશન તબક્કામાં પ્રવેશી ચૂકી છે.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# વલસાડ તાલુકા વિશેષ

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## મોગરાવાડી-અબ્રામા રોડ પર ખાડાઓથી વાહનચાલકો- રહીશો ત્રાહિમામ

### રૂા. ૧૦ કરોડનો મોગરાવાડી-અબ્રામા રોડ ૮ મહિનાથી મંજૂર છતાં કામગીરી 'કાચબા ગતિએ' : ટીપી-ડીપીના અમલનો અભાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ નગરપાલિકા વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર થયેલા વિકાસ કામોમાં તંત્રની ઉદાસીનતા અને આયોજનના અભાવે પ્રજાને વેઠવાનો વારો આવ્યો છે. વલસાડના મોગરાવાડીથી અબ્રામા ગિરિરાજ હોટલ સુધીનો અંદાજે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે મંજૂર થયેલો નવો રસ્તો વહીવટી શિથિલતાનો ઉત્તમ નમૂનો બન્યો છે. આ રોડ મંજૂર થયાને આઠ-આઠ મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, પાલિકા તંત્ર દ્વારા હજુ સુધી ટીપી (ટાઉન પ્લાનિંગ) અને ડીપી (ડેવલપમેન્ટ પ્લાન)નો યોગ્ય અમલ કરવામાં આવ્યો નથી. પરિણામે, આ મહત્વકાંક્ષી રસ્તાનું કામ અત્યંત મંદગતિએ ચાલી રહ્યું છે, જેનો ભોગ સ્થાનિક જનતા બની રહી છે.

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે અધૂરા રોડના કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. ખાસ કરીને મોગરાવાડી શોપિંગ સેન્ટર, હિન્દી સ્કૂલની પાછળનો ભાગ, નાયરા પેટ્રોલ પંપથી લઈને પ્રમુખ ગ્રીન સુધીના માર્ગ પર હાલમાં ચોમાસાના વરસાદી પાણીનો ભારે ભરાવો થઈ રહ્યો છે.

પાણી ભરાવાના કારણે રસ્તા પર ઠેર-ઠેર મોટા-મોટા ખાડા પડી ગયા છે. રોડ પરથી પસાર થતા વાહન ચાલકો પસાર થતી વખતે ભારે પરેશાની વેચવાનો વારો આવ્યો છે.

અને નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. કરોડો રૂપિયાનો -નેજેક્ટ હોવા છતાં પાલિકા પાસે પાણીના નિકાલનું કોઈ આગોતરૂ આયોજન નથી. રોડનું કામ અધૂરું હોવાથી અને પાણીના નિકાલ માટે ડ્રેનેજ કે યોગ્ય લાઈનની કોઈ જ વ્યવસ્થા કરવામાં ન આવતા, સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે.

મોટા પ્રમાણમાં ભરાતા પાણીના કારણે સ્થાનિક રહીશોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે, અને વેપારીઓના ધંધા-રોજગાર પર પણ વિપરીત અસર પડી રહી છે.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં પાલિકાની આ ઢીલી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસાની આ સિઝનમાં લોકોની હાડમારી ઓછી કરવા માટે પાલિકા તંત્ર તાકીદે જાગે, ટીપી-ડીપીની અડચણો દૂર કરે અને રસ્તાનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

## છીપવાડમાં જીયુડીસીના ખોદકામ બાદ રસ્તો બિસ્માર





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ શહેરના વ્યસ્ત ગણાતા છીપવાડ દાણા બજાર અને ઐતિહાસિક જગન્નાથ મંદિર પાસે જીયુડીસી દ્વારા કરવામાં આવેલા અણઘડ ખોદકામનો ભોગ સ્થાનિક વેપારીઓ અને વાહનચાલકો બની રહ્યા છે. ખોદકામ કર્યા બાદ તંત્ર દ્વારા યોગ્ય ડામર રસ્તો ન બનાવવામાં આવતા, ચોમાસાના પ્રથમ વરસાદમાં જ સમગ્ર માર્ગ ધોવાઈ ગયો છે અને રસ્તા પર મોટા-મોટા ખાડાઓ સામ્રાજ્ય વર્તાઈ રહ્યું છે. જેના કારણે વાહનચાલકો અને વેપારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

આગામી દિવસોમાં અષાઢી બીજના પવિત્ર પર્વે આ જ જગન્નાથ મંદિરેથી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળનાર છે. રથયાત્રાના રૂટ પર જ આટલા મોટા ખાડાઓ હોવા છતાં વલસાડ નગરપાલિકા દ્વારા હજુ સુધી ખાડા પૂરવાની કે રસ્તાના પેચવર્કની કોઈ તસ્દી લેવામાં આવી નથી. લાખો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે જોડાયેલા આ ઉત્સવ પહેલાં પણ તંત્રની આવી ઉદાસીનતા જોઈને સ્થાનિક રહીશો અને ભક્તોમાં નગરપાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે, હજારો ભક્તો અહીં આવવાના છે. ખોદકામ કરીને રસ્તો એમ જ છોડી દેવાયો છે. વરસાદમાં ખાડા દેખાતા નથી, જેથી રોજ અકસ્માતો થાય છે અને અમારા વેપાર-ધંધાને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. તંત્ર વહેલી તકે જાગે તે જરૂરી છે. સ્થાનિક રહીશો અને વેપારી મંડળની માંગ છે કે રથયાત્રા શરૂ થાય તે પહેલાં જ આ રસ્તાનું યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવે, જેથી કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય અને ભગવાન નગરચર્યાએ નીકળે ત્યારે ભક્તોને મુશ્કેલી ન પડે. જો નગરપાલિકા હજુ પણ આળસ ખંખેરશે નહીં, તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## વલસાડ તાલુકામાંથી પસાર થતાં હાઈવેના ઓવરબ્રિજો જોખમી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** કરોડોના ખર્ચે સરોધી હાઈવે ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે. આ હાઈવે પર પણ પ્રથમ વરસાદમાં જ ડામર રસ્તો ઉખડી જઈ ખાડાઓ પડતા વાહનચાલકોને ભારે તકલીફો વેઠવી પડી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી વલસાડના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા કરોડોના ખર્ચે બનેલા બ્રીજો પર હલકી કક્ષાનું મટીરીયલના કારણે દર વર્ષે વલસાડના ગુંદલાવ, સોનવાડા, કુંડી, ડુંગરી પારનેરા પારડી સુગર ફેક્ટરી અતુલ મુકુંદ અને અતુલ ફર્સ્ટ ગેટ હાઈવે ઓરબીજ પર સુરત થી મુંબઈ કે મુંબઈથી સુરત બંને તરફના હાઈવે ઓવર બ્રિજ પર ખાડાઓ પડતા હોય છે.

જેના કારણે વાહન ચાલકો દિવસ કે રાત્રે દરમિયાન ભારે તકલીફો પડતી હોય છે. અત્રે ઉલ્લેખ છે કે બે વર્ષ અગાઉ વલસાડ ડુંગરીના સોનવાળા હાઈવે પર પડેલા ખાડાના કારણે એક મોપેડ ચાલક ખાડામાં પડી જતાં બાજુમાંથી પસાર થતાં ટ્રક નીચે આવી જતા તેનું મોત થવાની ઘટના બની હતી. તો બીજી તરફ પારડી હાઈવે પર પણ હાઈવે પર પડેલા ખાડાના કારણે વલસાડના બાઈક ચાલકનું મોત થવાની ઘટના બની હતી. વલસાડમાં નવા બનેલા ધમડાથી અને સરોધી હાઈવે પર નવા બ્રિજ ચોમાસામાં ડામરોડ ટકશે કે પછી આમ જ આખું ચોમાસું ખાડાઓ પડતા રહેશે અને વાહન ચાલકો પરેશાન થતાં રહેશે.

### વલસાડ રોટરી કલબ દ્વારા

## વલસાડના રકતદાન કેમ્પમાં ૧૫૩ યુનિટ એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** રોટરી ક્લબ ઓફ વલસાડ દ્વારા વિવિધ ૧૨ સંસ્થાઓને જોડીને તારીખ ૫મી જુલાઈના રોજરોટરી હોલ, સ્ટેડિયમ રોડ, વલસાડમાં રક્તદાન કેમ્પનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રોટરી ક્લબ ઓફ વલસાડ સાથે વિવિધ સંસ્થાઓમાં ભારતી જનતા યુવા મોરચા, વલસાડ તાલુકા હોલસેલ વેપારી મહામંડળ, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન વલસાડ, જૈન સોશિયલ ગ્રુપ ઓફ વલસાડ, મારવાડ જૈન યુવક પરિષદ, રોટરેક્ટ ક્લબ ઓફ વલસાડ, ઈન્ટરેક્ટ ક્લબ ઓફ વલસાડ, લાયન્સ ક્લબ ઓફ તીથલ રોડ, વલસાડ, ઈનરવ્હિલ ક્લબ ઓફ વલસાડ, રોટરી ક્લબ ઓફ વલસાડ રેન્જર્સ, ઈન્ટરેક્ટ ક્લબ ઓફ વલસાડ રેન્જર્સ, અને રાઈઝિંગ ચેરીટેબલ ટ્રસ્ટ. જોડાઈ હતી. આ કેમ્પમાં કુલ ૧૫૩ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રક્તદાન કેમ્પમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહીને સૌને રક્તદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. દરેક રક્તદાતાઓને બ્લડ ડોનર બેગ, બોલ પેન, પેન સ્ટેન્ડ, અનબ્રેકેબલ જગ, કેપ, બેક પેક જેવી વિવિધ વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. રોટરી ક્લબ ઓફ વલસાડના પ્રમુખ ધવલ શાહ, મંત્રી હર્ષિલ ભાવસાર અને પ્રોજેક્ટ ચેરમેન ડો. મેહુલ સોલંકીએ અને હિતેશ પટેલે પ્રોજેક્ટને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## વલસાડની દોલત ઉષા ઇન્સ્ટિટ્યૂટમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડની દોલત ઉષા ઇન્સ્ટિટ્યૂટ ઓફ અપ્લાઈડ સાયન્સીસ તથા ધીરુ સરલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અને કોમર્સમા ત્રણ દિવસ માટે આચાર્ય ડો. સ્નેહલ જોશીના માર્ગદર્શન હેઠળ Cultivating excellence from within" વિષય ઉપર ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા આત્મીય યુનિવર્સિટી રાજકોટમાં ઉપકુલપતિ તરીકે સેવા આપી ચૂકેલા, શિક્ષક તરીકેનો બહોળો અનુભવ ધરાવતા એવા ડો. જયેશભાઈ દેશકર ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રણ દિવસ દરમિયાન



તેમણે પ્રતિભાગીઓને વિવિધ વિષયો જેવા કે બ્લૂમ ટેક્સોનોમી, સંસ્થાના વિઝન, મિશન, NEP નું સફળતાપૂર્વક અનુસરણ વગેરે વિષયો ઉપર કઈ રીતે ચોક્કસ સમજ -પ્રાપ્ત કરી એને સફળતાપૂર્વક અમલમાં મૂકવું આના ઉપર વક્તવ્ય આપ્યું હતું.

તદુપરાંત શિક્ષક વર્ગખંડમાં કેવી રીતે વિદ્યાર્થીઓને સારી રીતે એકાગ્ર રાખી શકે, ઉત્તમ શિક્ષણ આપી શકે, વિદ્યાર્થીઓને સંસ્થામાં પોતાનાપણું અનુભવાય, વિદ્યાર્થીઓના રસ અનુસાર વિવિધ કમિટીનું ગઠન કરી વિદ્યાર્થીઓને ગમતા વાતાવરણનું નિર્માણ કરી શકાય આ બાબતો અંગે ઊંડી સમજ આપી હતી. એક શિક્ષક પોતાના શિક્ષક ધર્મનું પાલન અસરકારક રીતે કેવી રીતે નિર્વાહન કરી શકે તથા કઈ રીતે પોતે આધ્યાત્મિક બાબતોને પણ સાંકળી લઈ વિદ્યાર્થીઓના જીવનનું ઉમદા ઘડતર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે એ બાબતે સંસ્થાના શિક્ષકોને ઊંડી સમજ પ્રાપ્ત થઈ હતી. આવી ગહન બાબતોની ચર્ચા કરી શિક્ષકોને ડો. જયેશ દેશકર સાહેબે ગહન માર્ગદર્શન આપ્યું હતું. આ બદલ સંસ્થાના આચાર્ય ડો. સ્નેહલ જોશી તથા તમામ સ્ટાફમિત્રોએ એમનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

### 'મા કાળી અતુલ આર્મી સેવા' અને 'વરદાન ઓર્થોપેડિક એન્ડ આઈ હોસ્પિટલ'ના સંયુક્ત ઉપક્રમે

## અતુલમાં ફ્રી મેડિકલ કેમ્પમાં ૪૦૦ થી વધુ લોકોએ લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** અતુલ ગ્રામ પંચાયત હોલમાં માઁ કાળી અતુલ આર્મી સેવા અને વરદાન ઓર્થોપેડિક એન્ડ આઈ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવતા ૪૦૦થી વધુ લોકોએ તેનો લાભ લીધો હતો.



માઁ કાળી અતુલ આર્મી સેવા અને વરદાન ઓર્થોપેડિક એન્ડ આઈ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે અતુલ ગ્રામ પંચાયત હોલમાં ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા ૪૦૦થી વધુ દર્દીઓની વિનામૂલ્યે તપાસ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કેમ્પમાં ડૉ. ગીરા અંકલેશ્વરીઆએ ઝામર અને મોતિયાના નિષ્ણાંત તરીકે આંખના દર્દીઓની તપાસ કરી હતી. ડૉ. તપન અંકલેશ્વરીઆ ઘૂંટણ અને ખભાના નિષ્ણાત તરીકે હાડકાના દર્દીઓને તપાસ્યા હતાં, ડૉ. દર્શિત દેસાઈ સ્પોર્ટ્સ ઈન્જરી એન્ડ ફિઝીયોથેરાપીના નિષ્ણાત તરીકે કસરત અને દુખાવા અંગે સલાહ આપી હતી.

આ કેમ્પમાં પધારેલા જરૂરિયાતમંદ નાગરિકો માટે અનેક પ્રકારની વિનામૂલ્યે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આંખની તપાસ તેમજ મોતિયા અને ઝામરની તપાસ, હાડકા-સાંધાના દુખાવાની તપાસ અને ઘૂંટણ-ખભાનું નિદાન, ફિઝીયોથેરાપી અને વ્યાયામ અંગે યોગ્ય સલાહ, મફત સુગર અને બીપી ચેકઅપ તેમજ આંખના નંબરની મફત તપાસ, જરૂરિયાતમંદ લોકોને મફત ચશ્મા અને દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એક્સ-રે અને સર્જરી (ઓપરેશન) પર ખાસ ડિસ્કાઉન્ટની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજક ટીમમાંથી જેન્યુલ પટેલ, ભાવનાબેન દેસાઈ, જયાબેન પટેલ, કમલેશ બી નાયકા અને પુનિત સોની તેમજ સેવાભાવી કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સ્થાનિક લોકોએ આ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો ઉત્સાહભેર લાભ લીધો હતો અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### નજીકના નવસરીથી લઈને ૮૫૦ કી.મી.ના અંતરે પૂનાથી લઈને ૧૨૦૦ કિ.મી. છેડેના રાંચિ સુધી કોલ્ડચેઈન જાળવીને રકત પહોંચાડી માનવતાનું ઉદાહરણ પુરુ પાડયું

## વલસાડ રક્તદાન કેન્દ્ર મુંબઈથી સુરત વચ્ચે 'બોમ્બે બ્લડ ગ્રૂપ' માટે આશાનું કિરણ

### ભારતમાં અંદાજે દર ૧૦,૦૦૦ વ્યક્તિએ એક અને ગુજરાતમાં લાખોમાં માંડ એક વ્યક્તિમાં આ 'બોમ્બે બ્લડ ગ્રૂપ' વિરલ રક્તજૂથ મળે છે ત્યારે માત્ર છ સક્રિય રક્તદાતાઓના સહયોગથી ૧૦ દર્દીઓને ૧૯ યુનિટ વિરલ રક્તદાન; અર્ધી રાત્રે ઘર સુધી પહોંચી માનવતાની મિસાલ સર્જી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વિશ્વના સૌથી દુર્લભ રક્તજૂથોમાં ગણાતા બોમ્બે બ્લડ ગ્રૂપ (Oh Phenotype) ધરાવતા દર્દીઓ માટે સમયસર રક્ત મેળવવું એ જીવન અને મૃત્યુ વચ્ચેનો પ્રશ્ન બની શકે છે. આવી વિકટ પરિસ્થિતિમાં વલસાડ રકતદાન કેન્દ્ર છેલ્લા ઘણા વર્ષોથી મુંબઈથી સુરત વચ્ચે આવા દર્દીઓ માટે વિશ્વસનીય આશાનું કિરણ બની રહ્યું છે. અદ્યતન ટેકનોલોજી, સુવ્યવસ્થિત આયોજન અને સમર્પિત ટીમના કારણે અનેક દર્દીઓને સમયસર વિરલ રક્ત ઉપલબ્ધ થઈ રહ્યું છે. બોમ્બે બ્લડ ગ્રૂપની શોધ ઈ.સ.૧૯૫૨માં મુંબઈમાં ડૉ. વાય. એમ. ભેંડે, ડો. ભાટિયા અને તેમના સહયોગીઓએ કરી હતી. આ રક્તજૂથમાં H Antigen ગેરહાજર હોવાથી આવા દર્દીને



સામાન્ય O પોઝિટિવ કે O નેગેટિવ રક્ત પણ આપી શકાતું નથી. માત્ર બોમ્બે બ્લડ ગ્રૂપનું જ રક્ત તેમને જીવનદાન આપી શકે છે. ભારતમાં અંદાજે દર ૧૦,૦૦૦ વ્યક્તિએ એક અને ગુજરાતમાં લાખોમાં માંડ એક વ્યક્તિમાં આ વિરલ રક્તજૂથ જોવા મળે છે. સમગ્ર રાજ્યમાં સક્રિય રક્તદાતાઓની સંખ્યા અત્યંત ઓછી હોવાથી જરૂરિયાત સમયે રક્ત ઉપલબ્ધ કરાવવું ખૂબ જ પડકારજનક બને છે. આ પડકાર સામે વલસાડ રકતદાન કેન્દ્રે Fully Automatic Forward & Reverse Grouping, Antibody Screening, Cross Matching, Rare Donor Registry સહિતની આધુનિક સુવિધાઓ વિકસાવી છે, જેના કારણે આવા વિરલ રક્તજૂથોની ચોક્કસ ઓળખ અને સમયસર ઉપલબ્ધતા શક્ય બની છે.

વલસાડ રકતદાન કેન્દ્રના સંચાલક જણાવે છે, અમારા રક્તદાતાઓ જ અમારી સૌથી મોટી સંપત્તિ છે. તેઓ અર્ધી રાત્રે પણ નિઃસ્વાર્થ ભાવથી રક્તદાન કરવા તૈયાર થાય છે. સાચા અર્થમાં તેઓ જ દર્દી નારાયણની સેવાના જીવંત પ્રતીક છે.

ડૉ. વિશાલ મહેતા, ડૉ. કમલ પટેલ તથા સમગ્ર ટેકનિકલ ટીમના સુચારુ આયોજન, ઝડપી પ્રતિભાવ અને માનવતાભર્યા અભિગમના કારણે વલસાડ રકતદાન કેન્દ્ર આજે વિરલ રક્તજૂથ ધરાવતા દર્દીઓ માટે વિશ્વાસનું કેન્દ્ર બન્યું છે.

### માત્ર ૬ સક્રિય રક્તદાતાઓ, છતાં ૧૦ દર્દીઓને જીવનદાન મળ્યું

છેલ્લા ૨૫ વર્ષમાં બોમ્બે બ્લડ ગ્રૂપના માત્ર ૧૧ જેટલા રક્તદાતાઓ નોંધાયા હતાં, જેમાંથી હાલમાં માત્ર ૬ જેટલા જ સક્રિય રક્તદાતાઓ ઉપલબ્ધ છે. તેમ છતાં સપ્ટેમ્બર ૨૦૨૨થી ૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન વલસાડ રકતદાન કેન્દ્રે દેશભરના બ્લડ સેન્ટરો અને પોતાના રજીસ્ટર્ડ રક્તદાતાઓના સહયોગથી ૧૦ દર્દીઓને કુલ ૧૯ યુનિટ (૧૫ Red Cell અને ૪ Plasma) સમયસર ઉપલબ્ધ કરાવી ૧૦ પરિવારોને નવજીવન આપ્યું છે. જેમાં નજીકના નવાસરીથી લઈને ૮૫૦ કી.મી.ના અંતરે પૂનાથી લઈને ૧૨૦૦ કિ.મી. છેડેના રાંચિ સુધી કોલ્ડચેઈન્જ જાળવીને રક્ત પહોંચાડી માનવતાનું ઉદાહરણ પુરુ પાડયું છે.

### બોમ્બે બ્લડ ગ્રૂપના રક્તદાતાઓને વંદન

વલસાડ રકતદાન કેન્દ્રની આ માનવતાભરી સેવા પાછળ વિરલ બોમ્બે બ્લડ ગ્રૂપના રક્તદાતાઓનું અમૂલ્ય યોગદાન રહેલું છે. ડાંગના સંજીવ કાશીરામ કુંવર (૪ વખત), વિનોદભાઈ કુંવર (૧ વખત), નવસારીના મેહુલ મહેતા (૩ વખત), વાંસદાના અમિત ગાવીત (૩ વખત), જેમણે ૨૧ મે, ૨૦૨૬ની મધ્યરાત્રિએ પણ તાત્કાલિક રક્તદાન કરીને સગર્ભા મહિલાનું જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો, નવસારીના છોટુભાઈ ચૌધરી (૨ વખત), બોમ્બે નેગેટિવ રક્તજૂથના જમનુભાઈ ભૂસારા (૮ વખત) તેમજ સમિમબાનું શેખ જેવા રક્તદાતાઓની નિઃસ્વાર્થ સેવા સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્રોત બની છે. જયારે દિવંગત રક્તવીરોમાં સ્વ. કાલુમિયા શેખ (અનેકવાર રકતદાન) અને સ્વ. સાહિલ સલીમભાઈ ઘાંચીએ (૪ વર્ષમાં ૭ વાર રકતદાન) નિઃસ્વાર્થ સેવાકાર્ય કર્યુ હતું.

## વલસાડમાં ભાજપ દ્વારા બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું સમાપન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના 'અંત્યોદય'ના દર્શનને આત્મસાત્ કરી સંગઠનને વધુ મજબૂત અને સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬ અંતર્ગત બે દિવસીય મંડળ પ્રશિક્ષણ વર્ગનું સફળતાપૂર્વક સમાપન થયું. આ બે દિવસ દરમિયાન વરિષ્ઠ વકતાઓના માર્ગદર્શનથી સંગઠનના સિદ્ધાંતો, વિચારધારા, કાર્યપદ્ધતિ, સંગઠન શિસ્ત તેમજ વિવિધ વિષયો અંગે વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ પ્રશિક્ષણે કાર્યકર્તાઓમાં સંગઠન પ્રત્યે સમર્પણ, સેવા ભાવ અને રાષ્ટ્ર પ્રથમના સંકલ્પને વધુ દૃઢ બનાવ્યો હતો. પ્રશિક્ષણ વર્ગનું નિરીક્ષણ માં ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર, ગુજરાત સરકારના



નાણા, શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ-ડાંગના સાંસદ, લોકસભા દંડક અને ગુજરાત ભાજપના સહ પ્રવક્તા ધવલભાઈ પટેલે પ્રશિક્ષણ વર્ગની મુલાકાત લઈ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકી, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈઈ કંસારા, જિલ્લા મહામંત્રી, ધારાસભ્ય ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

પંડિત દીન દયાળ ઉપાધ્યાયના અંત્યોદય અને એકાત્મ માનવવાદના સિદ્ધાંતોને જન-જન સુધી પહોંચાડવા તથા સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ મહા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રશિક્ષણ વર્ગમાં મોટી સંખ્યામાં પ્રશિક્ષણાર્થીઓ અને કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 07, July 2026

## અલવિદા ખોમેની

યુદ્ધ દરમ્યાન અમેરિકી હુમલાનો ભોગ બનેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખોમેનીના અંતિમ સંસ્કાર અને દફન સમારોહમાં ભારતને પાઠવવામાં આવેલું ઔપચારિક આમંત્રણ એક મહત્ત્વપૂર્ણ રાજનૈતિક ઘટના છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝશ્કિયાને વડાપ્રધાન મોદીને વ્યક્તિગત નિમંત્રણ પાઠવ્યું હતું, પરંતુ વડાપ્રધાનની અગાઉથી નિર્ધારિત આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને લીધે ભારતે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ મોકલ્યું, જેમાં બિહારના રાજ્યપાલ લેફ્ટ. જનરલ (સેવાનિવૃત્ત) સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગેરિટા સામેલ છે. ઈરાને દેશની મુખ્ય ધારાના કેટલાય રાજકીય પક્ષના નેતાઓને પણ આમંત્રણ પાઠવ્યું, જેમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ વિદેશમંત્રી સલમાન ખુર્શીદ સામેલ છે. ભાજપ પ્રમુખ નીતિન નબીન, જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તિ તથા પાંચ શિયા ધર્મગુરુને પણ આમંત્રિત કરવામાં આવ્યા. ઈરાનનો સંદેશ સ્પષ્ટ છે કે, તે ભારતમાં માત્ર શાસક પક્ષ સાથે જ નહીં બલ્કે દેશની સમગ્ર લોકતાંત્રિક વ્યવસ્થા અને નેતાગીરી સાથે સંબંધ જાળવવા માગે છે. ઈરાન અને ભારતના સંબંધો ખૂબ જૂના છે. તે કોઈ સરકાર કે કાર્યકાળ પૂરતા સીમિત ન હોઈ શકે. અહીં એ નોંધનીય છે કે, ભારત અમેરિકા અને ઈઝરાયલ એ બંને દેશ સાથે ગાઢ મૈત્રી સંબંધો ધરાવે છે. નેતન્યાહુ અને મોદીની દોસ્તી મજબૂત છે. ટ્રમ્પના વિચિત્ર વ્યવહાર છતાં મોદી સાથે તેમણે ખાસ સંબંધ હોવાનો વખતો વખત પુનરોચ્ચાર કર્યો છે. એવામાં એ બંને દેશ સાથે યુદ્ધે ચડેલાં ઈરાનની ગૂડબૂકમાંય સામેલ રહેવું અને એક મહાન લોકતાંત્રિક દેશ તરીકેની ભૂમિકા નિભાવવી એ આપણી સશત્ર ઈચ્છાશક્તિ અને રણનૈતિક સ્વાયતતાનું દ્દષ્ટાંત છે. એક રીતે ઈરાનના ટોચના નેતૃત્વને પણ આપણો સહાનુભૂતિનો સંદેશ છે. ખોમેનીની અંતિમયાત્રામાં દુનિયાભરમાંથી લાખો લોકો ઊમટયા છે. ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા-ઈરાનના હુમલામાં આયાતુલ્લાહ ખોમેનીએ જીવ ગુમાવ્યો હતો. ટીવી પરનાં દ્દશ્યોમાં ઈરાની મહિલા-યુવા, બુઝુર્ગોની આંખમાં આંસુ ખોમેનીની લોકપ્રિયતા દર્શાવે છે. ઈરાનીઓ કહે છે કે, દુશ્મનો બોમ્બ-મિસાઈલ વરસાવતા હતા, ત્યારે ખોમેનીએ બંકરમાં ભરાઈ રહેવાને બદલે સત્તાવાર કાર્યાલયમાં રહીને મોતનો સામનો કરવાનું પસંદ કર્યું હતું. ૮૬ વર્ષીય આયાતુલ્લાહએ ત્રણ દાયકા ઈરાન પર શાસન કર્યું. તેમના પૂર્વજોનો સંબંધ ઉત્તર પ્રદેશના કિંતુર ગામથી હતો. તેઓ ભારતયાત્રાએ આવ્યા હતા. કર્ણાટકના ચિકબ્બાપુર ગામમાં એક હોસ્પિટલનું તેમણે ૧૯૮૧-૮૨માં ઉદ્ઘાટન કર્યું હતું. તેઓ મધ્ય-પૂર્વના સૌથી તાકાતવર નેતા હતા. નેહરુજીના લેખન અને વિચારોથી તેઓ પ્રભાવિત હતા. અલબત્ત ઈરાનના શાસન સામે આંગળી ચીંધનારા લોકો રૂઢિચૂસ્તતા, મહિલાઓ પરનાં નિયંત્રણ, વિરોધ પ્રદર્શનોને લોખંડી હાથ કચડી નાખવાના બનાવોને ખોમેની શાસનનાં નકારાત્મક પાસાં લેખાવે છે. મહિલાઓને તેમણે બુરખામાં જ રાખી અને ૨૦૨૨માં બુરખા વગર નીકળેલી મહસા અમીનીની ધરપકડ થઈ, અંતે સંદિગ્ધ અવસ્થામાં તેનું મોત નીપજ્યું હતું. અણુશસ્ત્રો બનાવવાના કાર્યક્રમને લીધે અમેરિકા તથા પશ્ચિમી જગતના આર્થિક પ્રતિબંધોને લીધે ઈરાનને અને તેની જનતાને ઘણું સહન કરવું પડયું છે. તેમની દફનવિધિ સાથે ઈતિહાસનું એક પ્રકરણ પૂરું થયું છે.

# મોદી ઈન્ડોનેશિયા પહોંચ્યા

## બંને દેશના નેતાઓ દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**જાકાર્તા, તા.૬ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા પહોંચ્યા છે. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો પોતે એરપોર્ટ પર પહોંચીને તેમનું સ્વાગત કર્યું હતું. ર મોદીનું વિમાન જ્યારે ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી ઈન્ડોનેશિયાના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, ત્યારે ઈન્ડોનેશિયાની વાયુસેનાના ફાઈટર જેટ્સે તેને એસ્કોર્ટ કર્યું હતું. આ ભવ્ય સ્વાગત બંને દેશો વચ્ચેની ગાઢ મિત્રતા અને વધતા વ્યૂહાત્મક મહત્વને દર્શાવે છે.

રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને પ્રધાનમંત્રી મોદી વચ્ચે વ્યક્તિગત સ્તરે પણ સારા સંબંધો છે. પ્રબોવો રાષ્ટ્રપતિ બન્યા બાદ મોદીની આ પ્રથમ મહત્વપૂર્ણ મુલાકાત છે. એરપોર્ટ પર ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર અને પરંપરાગત સ્વાગત સમારોહ યોજાયો હતો. બંને નેતાઓ ટૂંક સમયમાં દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

ઈન્ડોનેશિયા દક્ષિણ-પૂર્વ એશિયાનો સૌથી મોટો દેશ છે. વસ્તી, અર્થવ્યવસ્થા અને ભૌગોલિક સ્થિતિની દૃષ્ટિએ તેનું વિશેષ મહત્વ છે. ભારત અને ઈન્ડોનેશિયા બંને હિન્દ-પ્રશાંત ક્ષેત્રની મુખ્ય શક્તિઓ છે. બંને દેશ સમુદ્રી સુરક્ષા, ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક અને બહુપક્ષીય સહયોગ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. ચીનની વધતી ગતિવિધિઓ વચ્ચે આ ભાગીદારી વધુ મહત્વપૂર્ણ બની છે.

વડાપ્રધાન મોદીના વિમાનને ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરવું માત્ર ઔપચારિકતા નથી, પરંતુ સંરક્ષણ સહયોગનું પ્રતીક પણ છે. બંને દેશો પહેલાથી જ સંયુક્ત સૈન્ય અભ્યાસ કરે છે. ઈન્ડોનેશિયા ભારતીય હથિયારો અને ટેક્નોલોજીમાં રસ ધરાવે છે. બ્રહ્મોસ મિસાઈલ, તેજસ વિમાન અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધવાની સંભાવના છે. આ મુલાકાત સંરક્ષણ ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તક આપશે.

બંને દેશો વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે. ઈન્ડોનેશિયા પામ ઓઈલ, કોલસો, નિકલ અને અન્ય ખનિજોની મોટી નિકાસ કરતો દેશ છે. ભારત આ સંસાધનોનો મોટો આયાતકાર છે. આ ઉપરાંત IT, ફાર્મા, કૃષિ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રોમાં પણ સહયોગની વિશાળ તકો છે. આ મુલાકાત દરમિયાન વેપારને પ્રોત્સાહન આપતા નવા કરારો અંગે ચર્ચા થઈ શકે છે. બંને દેશો $100 અબજના વેપારના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધો હજારો વર્ષ જૂના છે. રામાયણ-મહાભારતની કથાઓ, બૌદ્ધ-હિન્દુ મંદિરો અને સાંસ્કૃતિક વારસો બંને દેશોને જોડે છે. આજે પણ ઈન્ડોનેશિયામાં લાખો લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે, ખાસ કરીને બાલીમાં. આ મુલાકાત દરમિયાન સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને લોકો વચ્ચેના સંપર્કને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.

હાલના સમયમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં તણાવ વધી રહ્યો છે. ચીનની વિસ્તરણવાદી નીતિઓને કારણે ભારત, ઈન્ડોનેશિયા, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો એકબીજાની વધુ નજીક આવી રહ્યા છે. બંને દેશ ASEAN, Quad અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચો પર પણ પરસ્પર સંકલન જાળવી રહ્યા છે. આ મુલાકાત પ્રાદેશિક સ્થિરતા, સમુદ્રી સુરક્ષા અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવાની તક

# રામ મંદિર ટ્રસ્ટમાંથી ચંપત રાયની છુટ્ટી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**અયોધ્યા, તા.૬ :** રામ મંદિરમાં દાન ચોરીના ભારે હોબાળાની વચ્ચે સોમવારે, ૬ જુલાઈના રોજ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક આયોજિત કરવામાં આવી હતી. આ બેઠકમાં ટ્રસ્ટના પદાધિકારીઓએ ઐતિહાસિક નિર્ણય લેતા વર્તમાન મહાસચિવ ચંપત રાયના રાજીનામાને સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે. ચંપત રાયની વિદાય સાથે જ ટ્રસ્ટે સર્વસમ્મતિથી વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહાસચિવ બજરંગ લાલ બાગડાને રામ મંદિર ટ્રસ્ટના નવા મહાસચિવ બનાવ્યા છે.

રામ મંદિર પરિસરમાંથી મળેલા ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, નવનિયુક્ત મહાસચિવ બજરંગ લાલ બાગડા હાલમાં અયોધ્યા રામ મંદિર પરિસર ક્ષેત્રમાં છે. જો કે, તેઓ રણનીતિક અને પ્રશાસનિક કારણોથી ડાયરેક્ટ ટ્રસ્ટની આ બેઠકમાં ભાગ નથી લઈ રહ્યા. કહેવાય છે કે ઔપચારિક પ્રક્રિયાઓ બાદ તેઓ જલદી પોતાનો નવો કાર્યભાર સંભાળી લેશે.



બજરંગ બાગડા રાજસ્થાનના સીકર જિલ્લામાંથી આવે છે. તેમનું પ્રાથમિક શિક્ષણ સરકારી માધ્યમિક વિદ્યાલય, લોસલ (સીકર)માંથી (૧૯૬૧-૧૯૭૦ની વચ્ચે) થયું. બાગડાએ રાજસ્થાન બોર્ડમાંથી સ્ટેટ મેરિટ પ્રાપ્ત કર્યું છે. તેના દમ પર તેમણે નેશનલ મેરિટ સ્કોલરશિપ પણ પ્રાપ્ત કરી. પોતાના શાળાકીય દિવસોમાં તેઓ ફર્સ્ટ ક્લાસ સ્કાઉટ અને પેટ્રોલ લીડર પણ રહ્યા છે. શાળાકીય શિક્ષણ બાદ તેમણે જયપુરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કોલેજ ઓફ કોમર્સમાંથી બી.કોમની ડિગ્રી પ્રાપ્ત કરી. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયામાંથી સીએનો અભ્યાસ પૂરો કર્યો.

વ્યવસાયે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ હોવાના કારણે બજરંગ બાગડાનું કોર્પોરેટ ફાઈનાન્શિયલ કરિયર ખૂબ જ શાનદાર રહ્યું છે. તેમણે નવેમ્બર ૨૦૦૦થી લઈ ફેબ્રુઆરી ૨૦૦૭થી RITES LTD (રેલ ઈન્ડિયા ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક સર્વિસ)ના ડાયરેક્ટર ઓફ ફાઈનાન્સ તરીકે પોતાની સેવાઓ આપેલી છે. ત્યાર બાદ તેમની સફર ભારત સરકારના ખાણ મંત્રાલય હેઠળ આવતા નવરત્ન સાર્વજનિક ઉપક્રમ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડમાં (NALCO) શરુ થઈ.

# શ્રીલંકાની જેલમાં ભયાનક ગેંગવોર



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**કોલંબો, તા.૬ :** શ્રીલંકાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં જેલમાં ફાટી નીકળેલા ગેંગવોરમાં ૪ ગાર્ડ અને ૧૯ કેદીઓના મોતના અહેવાલ સામે આવ્યા છે. આ ગેંગવોરમાં અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. શ્રીલંકામાં છેલ્લા ૬ વર્ષ કરતાં પણ વધુ સમય બાદ કોઈ જેલમાં ફાટી નીકળેલી આ સૌથી મોટી હિંસા છે.

એક અહેવાલ અનુસાર રાજધાની કોલંબોમાં મુખ્ય જેલમાં ડ્રગ્સના ધંધા સંબંધિત બે ગેંગના કેદીઓ વચ્ચે આખી રાત અથડામણ ચાલી હતી. હિંસા બાદ ઘાયલોને કોલંબોના ઉત્તરમાં આવેલી નેગોમ્બો હોસ્પિટલ ખસેડાયા હતા. હોસ્પિટલના ડિરેક્ટર પુષ્પા ગામથાલે જણાવ્યું કે સરકારી હોસ્પિટલમાં ૨૩ મૃતદેહો લવાયા હતા અને ૧૦૦થી વધુ કેદીઓ અને ગાર્ડને સારવાર માટે દાખલ કરાયા હતા. ઘણા લોકોને ગોળી વાગી છે જ્યારે અમુક લોકોને માર કાટ અને ગંભીર ઈજાઓ પહોંચી છે.

### એકનું મોત અને અનેક ઘાયલ; LoC તોડી નાખવાની માંગ

# PoKમાં પ્રદર્શનકારીઓ પર PAKની સૈન્યએ ફાયરિંગ કર્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ઈસ્લામાબાદ, તા.૬ :** પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર પાકિસ્તાની સેના દ્વારા જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC)ની શાંતિપૂર્ણ પ્રદર્શન રેલી પર અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. JAACએ એવો પણ દાવો કર્યો છે કે, આ પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૪૦ હજાર લોકો હાજર હતા.

જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટીએ જણાવ્યું કે, અબ્બાસપુરના સરદાર ગુલામ હુસૈન ખાન સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં લગભગ ૪૦ હજાર લોકો ઉપસ્થિત હતા અને તેઓ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન પાકિસ્તાની સેનાએ લોકો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

JAACએ આરોપ લગાવ્યો કે, ડુડિયાલના એએમબી (AMB) વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શન ચાલી રહ્યું હતું. આ દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળોએ કોઈપણ નક્કર કારણ વિના જ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. જો કે, ઘાયલોની વાસ્તવિક સંખ્યા હજી સામે આવી નથી. બીજી તરફ આ ઘટના અંગે પાકિસ્તાની વહીવટીતંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. JAACએ એક નિવેદનમાં જણાવ્યું કે, આ પ્રદર્શન પાકિસ્તાન સરકાર વિરુદ્ધ છે. JAACના નેતાઓ અને કાર્યકરોની ધરપકડ, વહીવટી નિષ્ફળતાઓ અને મૂળભૂત અધિકારોની માંગને લઈને આ પ્રદર્શન ચાલી રહ્યું છે. ત્નછછછઝ તરફથી ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરવામાં આવી રહી છે.

PoKમાં ચાલી રહેલા આ પ્રદર્શનમાં ભારે સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી છે. સૌથી ખાસ વાત એ છે કે, આ પ્રદર્શનમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની પણ સારી એવી ભીડ જોવા મળી રહી છે. વિરોધ કરી રહેલા સંગઠનનો દાવો છે કે, રાવલકોટ અને ચકની મહિલાઓ પણ રસ્તા પર ઉતરીને આંદોલન કરી રહી છે. સંગઠને દાવો કર્યો કે, વહીવટીતંત્રના દબાણ છતાં કોઈ પાછળ હટવા તૈયાર નથી.

એક નિવેદનમાં JAAC તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, શૌકત નવાઝ મીરની ધરપકડ બાદ સમગ્ર PoJK (પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીર)માં તણાવ વધ્યો છે. સંગઠને સોશિયલ મીડિયા પર 'રીલીઝ શૌકત મીર' અભિયાન ચલાવ્યું છે, જે અંતર્ગત લોકોને આ આંદોલનમાં જોડાવાની અપીલ કરવામાં આવી છે.

# નેતન્યાહૂનો સુપ્રીમનો ઓર્ડર માનવાનો ઈનકાર


**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**જેરૂસલેમ, તા.૬ :** ઈઝરાયલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચેનો વિવાદ હવે એક મોટી બંધારણીય કટોકટીમાં ફેરવાઈ ગયો છે. રવિવારે ઈઝરાયલી કેબિનેટે સર્વસંમતિથી એક અભૂતપૂર્વ નિર્ણય લીધો છે, જે મુજબ સરકાર સુપ્રીમ કોર્ટના આદેશને સ્વીકારશે નહીં. સુપ્રીમ કોર્ટે દેશના કોમર્શિયલ મીડિયા રેગ્યુલેટર 'સેકન્ડ ઓથોરિટી ફોર ટેલિવિઝન એન્ડ રેડિયો' ને પોતાનું કામ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, જેની સામે સરકારે હવે ખુલ્લી ચેલેન્જ ફેંકી છે. ઈઝરાયલના ઈતિહાસમાં આ પ્રથમ એવો કિસ્સો છે જ્યારે કોઈ સરકારે દેશની સર્વોચ્ચ અદાલતના આદેશને સત્તાવાર રીતે ફગાવી દીધો હોય.આ વિવાદની શરૂઆત ગયા મહિને થઈ હતી જ્યારે સુપ્રીમ કોર્ટે સરકારના એ નિર્ણયો પર રોક લગાવી દીધી હતી, જેના હેઠળ મીડિયા રેગ્યુલેટરની નવી કાઉન્સિલ (પરિષદ) બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અદાલતે આદેશ આપ્યો હતો કે હાલની કાઉન્સિલ જ પોતાનું કામ ચાલુ રાખે. અદાલતનું માનવું હતું કે કાઉન્સિલના કેટલાક સભ્યોના રાજીનામા રાજકીય દબાણ હેઠળ આપવામાં આવ્યા હોઈ શકે છે.જોકે, નેતન્યાહૂ સરકારે અદાલતના આ વલણને નકારી કાઢ્યું છે. સંચાર મંત્રી શ્લોમો કારહી અને ન્યાય મંત્રી યારિવ લેવિને એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, અદાલતને કાયદાને કચડવાનો કોઈ અધિકાર નથી. જે નિર્ણય કાયદાની વિરુદ્ધ હશે, તેને સરકાર માન્યતા નહીં આપે. કેબિનેટે સ્પષ્ટ કર્યું છે કે આ મીડિયા રેગ્યુલેટર કાઉન્સિલ દ્વારા ભવિષ્યમાં લેવાનારા કોઈપણ નિર્ણયને સરકાર સ્વીકારશે નહીં, કારણ કે કાઉન્સિલ પાસે કાયદાકીય રીતે જરૂરી સભ્યોની સંખ્યા નથી.સરકારના આ આકરા પગલાનો વિપક્ષ અને કાનૂની નિષ્ણાતો દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે.

# દ. ગુજરાત-સૌરાષ્ટ્રમાં બે દિવસ વરસાદનું રેડ એલર્ટ

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૬ :** ગુજરાતમાં ચોમાસું પુરેપુરી રીતે સક્રિય થઈ ગયું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી બે દિવસ માટે ભારેથી અતિભારે વરસાદની એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરે તેવી સંભાવનાઓને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત, નવસારી, ડાંગ અને વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી, ભાવનગર અને અમરેલીમાં ભારે વરસાદની



શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે બુધવારે સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં, તેમજ સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં રેડ એલર્ટ જારી કરવામાં આવી છે.

ઉપરાંત આવતીકાલે અને બુધવારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર; દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં; સૌરાષ્ટ્રક્અમાં કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર ગીર સોમનાથ, બોટાદ, દ્વારકા, મોરબી, કચ્છ અને દીવમાં યલો એલર્ટ જારી કરવામાં આવી છે.

# મુંબઈ અમદાવાદ વચ્ચે કઈ કઈ ટ્રેનો રદ

**વલસાડ, તા. ૬ :** મુંબઈ ડિવિઝનના સફાળે (SAH), કેલવે રોડ (KLV), વસઈ રોડ (BSR) અને નાલાસોપારા (NSP) સ્ટેશનો વચ્ચે પાટા પર ભારે પાણી ભરાઈ જવાના કારણે ટ્રેન વ્યવહારને માઠી અસર પહોંચી છે. મુસાફરોની સગવડ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અનેક ટ્રેનોને અધવચ્ચે જ અટકાવી દેવામાં આવી છે, કેટલીક ટ્રેનો પૂર્ણપણે રદ કરાઈ છે અને મુંબઈથી ઉપડતી લાંબા અંતરની ટ્રેનોના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં

**અધવચ્ચે અટકાવવામાં આવેલી (Short-Terminated) ટ્રેનો :**

૦૫૧૮૩ (AMH-BDTS) : સંજાન (SJN) સ્ટેશન સુધી જ ચાલશે અને ત્યાંથી જ પરત ફરશે, સુરત-વિરાર) : ઉમરગામ રોડ (UBR) સ્ટેશને શોર્ટ-ટર્મિનેટ કરાઈ, અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ : વલસાડ (BL) સ્ટેશન સુધી જ ચાલશે., જોધપુર-બાંદ્રા ટર્મિનસ સૂર્યનગરી એક્સપ્રેસ : વાપી (VAPI) સ્ટેશને અટકાવી દેવાઈ છે, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર : સુરત (ST) સ્ટેશન સુધી જ ચાલશે, જયપુર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ : ઉધના (UDN) સ્ટેશને શોર્ટ-ટર્મિનેટ કરાઈ, અજમેર-દાદર એક્સપ્રસ : નવસારી (NVS) સ્ટેશન સુધી જ ચાલશે, સુરત-મુંબઈ સેન્ટ્રલ ફલાઈંગ રાણી : વાંગણી (VGN) સ્ટેશને અટકાવી ત્યાંથી જ ટ્રેન નં. ૧૨૯૨૧ બનીને સુરત તરફ પરત મોકલાશે (વાંગણી અને મુંબઈ વચ્ચે રદ), વલસાડ-મુંબઈ સેન્ટ્રલ પેસેન્જર વિરાર (VR) સ્ટેશન સુધી જ ચાલશે અને ત્યાંથી જ ટ્રેન નં. ૫૯૦૨૩ બની વલસાડ પરત ફરશે (વિરાર અને મુંબઈ વચ્ચે રદ).

જ્યારે રદ કરવામાં આવેલી (Cancelled) ટ્રેનોમાં સુરત-બાંદ્રા ટર્મિનસ ઈન્ટરસિટી એક્સ-ેસ : તારીખ ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ સંપૂર્ણ રદ, બાંદ્રા ટર્મિનસ-સુરત ઈન્ટરસિટી એક્સ-ેસ : તારીખ ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ સંપૂર્ણ રદ, તેમજ સમયમાં ફેરફાર (Re-scheduled) કરાયેલી મુખ્ય ટ્રેનો (નવો સમય) પ્રમાણે મુંબઈ સેન્ટ્રલ-નવી દિલ્હી રાજધાની : સાંજે ૧૭:૦૦ ના બદલે હવે ૧૯:૦૦ કલાકે ઉપડશે. મુંબઈ સેન્ટ્રલ-નિઝામુદ્દીન ઓગસ્ટ ક્રાંતિ : સાંજે ૧૭:૧૦ ના બદલે રાત્રે ૨૧:૨૫ કલાકે ઉપડશે. દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ : સાંજે ૧૬:૩૦ કલાકે ઉપડશે, દાદર-હનુમાનગઢ અરાવલ : સાંજે ૧૭:૦૦ કલાકે ઉપડશે., બાંદ્રા-સ્વરાજ એક્સપ્રેસ : સાંજે ૧૬:૪૫ કલાકે ઉપડશે, બાંદ્રા-અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસ : સાંજે ૧૭:૦૦ કલાકે ઉપડશે, બાંદ્રા-ચંદીગઢ એક્સપ્રેસ : સાંજે ૧૭:૩૦ કલાકે ઉપડશે, બાંદ્રા-હિસાર એક્સપ્રેસ : સાંજે ૧૮:૦૦ કલાકે ઉપડશે., બાંદ્રા-વેરાવળ સૌરાષ્ટ્ર જનતા : સાંજે ૧૮:૩૦ કલાકે ઉપડશે, બાંદ્રા-ભાવનગર એક્સપ્રેસ : રાત્રે ૨૦:૦૦ કલાકે ઉપડશે., બાંદ્રા-જયપુર એક્સપ્રેસ :રાત્રે ૨૦:૩૦ કલાકે ઉપડશે, બાંદ્રા-ભુજ કચ્છ એક્સ-ેસઃ રાત્રે ૨૧:૧૦ કલાકે ઉપડશે., મુંબઈ સેન્ટ્રલ -જયપુર ગણગોર : રાત્રે ૨૧:૧૫ કલાકે ઉપડશે., બાંદ્રા-અમૃતસર ગોલ્ડન ટેમ્પલ મેલ : રાત્રે ૨૦:૪૫ કલાકે ઉપડશે, બાંદ્રા-ભાવનગર એક્સપ્રેસ : રાત્રે ૨૨:૦૦ કલાકે ઉપડશે. બાંદ્રા-પટના એક્સપ્રેસ : રાત્રે ૨૨:૩૦ કલાકે ઉપડશે, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર અવંતિકા : રાત્રે ૨૨:૩૦ કલાકે ઉપડશે. બાંદ્રા-શ્રી ગંગાનગર અરાવલી : રાત્રે ૨૩:૦૦ કલાકે ઉપડશે અને બાંદ્રા-બરૌની અવધ એક્સપ્રેસ : રાત્રે ૨૩:૦૦ કલાકે ઉપડશે.

# યુરિયા-ડીએપીથી ભરચક ૧૫ જેટલાં જહાજો ભારત આવવા રવાના થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ અને ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ હોવા છતાં ભારત માટે એક મોટી રાહતના સમાચાર આવ્યા છે. ખાતર અને કાચો માલ લઈને આવી રહેલા ૧૫ ભારતીય જહાજો સૌથી સંવેદનશીલ ગણાતી 'હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે પાર કરીને ભારત તરફ આગળ વધી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડેલી ગંભીર અસરો વચ્ચે ભારત માટે ખૂબ જ રાહતના સમાચાર આવ્યા છે. કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું છે કે, દેશમાં ખાતર અને તેનો કાચો માલ લઈને આવી રહેલા ૧૫ દરિયાઈ જહાજો અત્યંત સંવેદનશીલ ગણાતી હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે પાર કરી ચૂક્યા છે અને ભારત તરફ આગળ વધી રહ્યા છે. સરકારના આ સઘન પ્રયાસોને કારણે દેશમાં ખેડૂતો માટે ખાતરની અછતનો મોટો ખતરો ટળી ગયો છે.કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે, "પશ્ચિમ એશિયાના સંઘર્ષે વૈશ્વિક સપ્લાય ચેઈનને ખરાબ રીતે પ્રભાવિત કરી છે. આ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના ભાવ વધ્યા છે અને શિપમેન્ટ પહોંચવાના સમયમાં પણ વિલંબ થઈ રહ્યો છે." તેમણે ઉમેર્યું કે, આ મુશ્કેલ સમયમાં વિદેશોમાં આવેલા ભારતીય મિશનો (દૂતાવાસો) એ ખાતર વિભાગને વૈશ્વિક ઉત્પાદકો અને સપ્લાયર્સ સાથે સીધો સંપર્ક સાધવામાં સક્રિય મદદ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ખેડૂતોના હિતોની રક્ષા કરવા માટે કટિબદ્ધ છે.સરકાર માટે વધુ એક રાહતના સમાચાર એ છે કે, ખાતરના કારખાનાઓને અપાતો નેચરલ ગેસનો સપ્લાય, જે થોડા સમય પહેલાં ઘટીને ૬૫% સુધી પહોંચી ગયો હતો, તે હવે ફરીથી ૧૦૦% પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો છે.

# ભારતમાં સહકારી વીમા કંપની શરૂ કરાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૬ :** દેશમાં સહકારી ધોરણે ચાલતી ભારત ટેક્સીને મળેલ સફળતા બાદ હવે કેન્દ્ર સરકાર, સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરશે. સહકારી જીવન વીમા કંપનીની જાહેરાત અમિત શાહ દ્વારા કરવામાં આવી હતી. આજે સોમવારે, કેન્દ્રીય સહકારીતા પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરવામાં આવશે. સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રીય રાજધાનીમાં એક કાર્યક્રમમાં બોલતા શાહે જણાવ્યું હતું કે, સહકારીતા મંત્રાલયની સ્થાપનાથી ભારતના સહકારી ચળવળમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. એક એવી ચળવળ જે કોંગ્રેસ શાસન દરમિયાન અવગણવામાં આવી હતી. સહકાર પ્રધાને ઉલ્લેખ કર્યો હતો કે 'ભારત ટેક્સી' સારું પ્રદર્શન કરી રહી છે અને આગામી બે વર્ષમાં ૫૦૦ શહેરોમાં વિસ્તરણ કરવા માટે તૈયાર છે.

# નેચરલ ગેસની સપ્લાય પર લગાવવામાં આવેલા ઈમરજન્સી કંટ્રોલ પાછા ખેંચાયા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૬ :** કેન્દ્ર સરકારે નેચરલ ગેસની સપ્લાય પર લગાવવામાં આવેલા ઈમરજન્સી કંટ્રોલ પાછા ખેંચી લીધા છે. સરકારે આ જ વર્ષે માર્ચ મહિનામાં આ જોગવાઈઓ જાહેર કરી હતી, જેના હેઠળ સરકાર કુદરતી ગેસની ફાળવણી અને સપ્લાય પર સીધું નિયંત્રણ રાખી રહી હતી.

તે સમયે સરકારને આ અધિકાર આપવામાં આવ્યો હતો કે જરૂર પડ્યે તે નક્કી કરી શકે કે કયા સેક્ટરને કેટલી કુદરતી ગેસ મળશે કારણ કે તેનો ઉદ્દેશ્ય ગેસની સંભવિત અછત દરમિયાન ખાતર, CNG-PNG, વીજ ઉત્પાદન અને અન્ય આવશ્યક ક્ષેત્રોને પ્રાથમિકતા આપવાનો હતો. આનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે જો ગેસની અછત થાય, તો પણ સામાન્ય લોકો અને આવશ્યક સેવાઓ પર આની ન્યૂનતમ અસર પડે. સરકારનું કહેવું છે કે વર્તમાન સમયમાં કુદરતી ગેસની ઉપલબ્ધતા અને સપ્લાયની સ્થિતિ પહેલાની સરખામણીમાં ઘણી સારી છે. ઘરેલું ઉત્પાદન, આયાત અને વિતરણ વ્યવસ્થા સામાન્ય રીતે ચાલી રહી છે તથા તાત્કાલિક કોઈ મોટા સંકટની આશંકા નથી. એવામાં ઈમરજન્સી કંટ્રોલ જાળવી રાખવાની જરૂર રહી નથી. આ જ કારણે આ વિશેષ જોગવાઈઓને પાછી ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે કુદરતી ગેસની સપ્લાય અને વિતરણ ફરીથી સામાન્ય વ્યવસ્થા હેઠળ થશે અને ઈમરજન્સી નિયંત્રણ લાગુ નહીં રહે.

અમેરિકા અને ઈરાન યુદ્ધ બાદ હોર્મુઝ સંકટ ઉભું થયું હતું, જેના કારણે દુનિયાભરમાં ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની અછત થઈ ગઈ હતી. જેના કારણે સરકારે આના પર ઈમરજન્સી કંટ્રોલ લગાવ્યો હતો. હવે અમેરિકા અને ઈરાન વચ્ચે ૬૦ દિવસની સમજૂતી થઈ છે, જેના પછી હવે ફાઈનલ વાતચીત ચાલી રહી છે. હવે જોવાનું એ રહેશે કે બંને પક્ષ કેટલા દિવસોમાં સામાન્ય સહમતિ પર પહોંચી શકે છે.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## જાહેર નોટીસ

આથી આ જાહેર ચેતવણી રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શીડ્યુલ''માં જણાવેલ મીલ્કત રેવેન્યુ રેકર્ડ દફતરે ગ.સ્વ. મહેન્દ્ર ઓમપ્રકાશ શર્માના નામે ચાલી આવેલ છે જેમનું મરણ તારીખ ૧/૦૪/૨૦૧૯ના દિને થયેલ છે. જેઓના વારસદાર તરીકે ૧. ચિરાગ મહેન્દ્ર શર્મા (પુત્ર) ઉ.આ. ૨૪ અને ૨. ભૂમિકા મહેન્દ્ર શર્મા (પુત્રી) ઉ.આ. ૨૧ રહે. તિરુપતિ રેસિડેન્સી, સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ-૩૯૬૨૩૦ના નામ ઉપર સંયુક્ત રીતે પ્રત્યક્ષ કબજા, માલીકી તેમજ વહીવટ હેઠળ ફલેટ ચાલી આવેલ છે અને સદરહુ મીલ્કતમાં (ફલેટ) ગ.સ્વ. મહેન્દ્ર ઓમપ્રકાશ શર્મા ચાલી આવેલ છે અને હવે વારસો તરીકે ૧. ચિરાગ ઓમપ્રકાશ શર્મા અને ૨. ભૂમિકા ઓમપ્રકાશ શર્મા હક્ક હિસ્સો વારસો નામ દાખલ કરી તેઓના નામે કરવામાં આવે છે. તેઓએ ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને નામે નક્કી કરેલ છે.

જેથી નીચે મીલ્કત અંગે કોઈપણ વ્યક્તિ, કંપની, પેઢી, સંસ્થા, બેન્ક કે અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, બોજો, ચાર્જ, લિઝ, વિલ, કે કોઈપણ પ્રકારના લાગ, ભાગ, દર દાવો, હક્ક હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટિસ પ્રસિધ્ધ થયે દીન-૦૭ (સાત)માં હમારા યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવા અને એ ઉપરયુક્ત સમય મર્યાદા દરમ્યાન કોઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારુ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. તેવું માની હમારા અસીલ નીચે વર્ણવેલ મિલકતનો કાયદેસરનો રજીસ્ટર્ડ દસ્તાવેજ નામ દાખલ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ જાહેર નોટિશ રૂએ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

:: ખેતીની મિલકતનું વર્ણન ::

| | | | |
|---|---|---|---|
| Flat No. 403 | Fouth floor Building-A | Tirupati Residency | Survery No. 262/4, 262/3 & 263 |
| Flat No. 402 | Fouth floor Building-H | Tirupati Residency | Survery No. 262/4, 262/3 & 263 |

ના ક્ષેત્રફળ ધરાવતી હિસ્સાવાળી મિલકતનો (ફલેટ) તથા તેમા આવ જાવ કરવાના રસ્તાના હક્કો સહિત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સહીત વારસોના નામે કરવામાં આવે છે.

સહી/-
(તે નામે કરનાર અસીલના એડવોકેટ)
રેશમા કે. પટેલ
મો.૮૭૫૮૧૮૬૬૦૨



દમણ નગરપાલિકાના પ્રમુખ દીપિકાબેન ટંડેલે ભાજપ પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયાનું સ્વાગત કર્યું. પ્રદેશ પ્રમુખે એક વર્ષનો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. તેમના દ્વારા કેક કાપવામાં આવી અને ભાજપ પ્રમુખના ચિત્ર સાથેનું ફળ ભેટમાં આપવામાં આવ્યું હતું.

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME MOMENA KHATOON/MOMENA KHATOON ZULFIKAR MASANI TO NEW NAME MOMENA KHATOON AFTAB HUSAIN AS PER DOCUMENTS

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME SRIDEVI SATEESH KUMAR KOSARAJU TO NEW NAME SRIDEVI SATEESH KOSARAJU AS PER DOCUMENTS

# દમણ-દીવને ફૂડ પ્રોસેસિંગ-સીફૂડ નિકાસ માટે રાષ્ટ્રીય હબ બનાવવા પહેલ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા. ૬ :** ભારત સરકારના ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય (MOFPI), MSME ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને દમણ-દીવના યુવાનોને ફૂડ પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન, બ્રાન્ડિંગ, નિકાસ અને સ્વ-રોજગાર સાથે જોડીને દમણમાં ફૂડ પ્રોસેસિંગ, નિકાસ અને ઉદ્યોગસાહસિકતા પરિષદ-૨૦૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દમણ અને દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ પવન અગ્રવાલ અને ડૉ. જે. પી. ડોંગરા, નાબાર્ડ, એપેડા અને અન્ય કેન્દ્રીય અને સંલગ્ન સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતાં.

